કચ્છીઓનું કચ્છ માટે પ્રગટ થતું પોતાનું દૈનિક

# વાવડ

RNI No. 27550/74 BHUJ

તંત્રી : રામ કરશનદાસ ઠક્કર ★ કાર્યકારી તંત્રી દર્શનકુમાર આર. ઠક્કર

Reg. NO. G-KCH-018/2024/26
PRG એક્ટ હેઠળ પ્રકાશન માટે જવાબદાર
www.vavaddaily.com
E-mail : vavaddaily@gmail.com
પત્ર વ્યવહારનું સરનામું
વાવડ કાર્યાલય
'અક્ષરધામ' ૧૦૪/એ, લોટસ કોલોની , ભુજ.
મોબાઈલ : 98797 65225

Printer, Publisher & Owned by RAM KARSHANDAS THACKER, Printed at JAHNAVI Offset, 105/B, Lotus colony BHUJ-KUTCH 370001. Publish at VAVAD, 'AKSHARDHAM' 104/A, Lotus colony BHUJ-KUTCH, Editor RAM KARSHANDAS THACKER




## વચનામૃત



જેને પરમેશ્વરના વચનની ખટક રહે, અને નાનું મોટું વચન લોપી શકે નહિ એવી રીતનો જેનો સ્વભાવ હોય, તેને ગમે તેવો આપત્કાળ આવે તોય પણ એ ધર્મ થકી પડે જ નહિ. માટે જેને વચનમાં દ્રઢતા છે, તેનો જ ધર્મ દ્રઢ રહે અને તેનો જ સત્સંગ પણ દ્રઢ રહે. (ગ.પ્ર.પ્ર.૫૪).

તંત્રી સ્થાનેથી...

## સાવધાન

# દરિયો ચઢશે તો માત્ર કિનારો નહીં ડૂબે

**@ રામ કરશનદાસ ઠક્કર**

જળવાયુ પરિવર્તન હવે ભવિષ્યની કલ્પના નથી રહ્યું; તે વર્તમાનની વાસ્તવિકતા બની ગયું છે. દુનિયાના અનેક ભાગોમાં અતિવૃષ્ટિ, દુષ્કાળ, ગરમીની અસહ્ય લહેરો, વાવાઝોડાં અને ગ્લેશિયરોના પીગળવાના બનાવો ઝડપથી વધી રહ્યા છે. વૈજ્ઞાનિકો સતત ચેતવણી આપી રહ્યા છે કે જો ગ્રીનહાઉસ વાયુઓના ઉત્સર્જનમાં અસરકારક ઘટાડો નહીં થાય, તો આવનારા દાયકાઓમાં સમુદ્રનું જળસ્તર નોંધપાત્ર રીતે ઊંચું જશે.

ભારત માટે આ ચેતવણી અત્યંત ગંભીર છે. લગભગ ૭,૫૦૦ કિલોમીટર લાંબી દરિયા કિનારાની પટ્ટી પર દેશના અનેક મહાનગરો, બંદરો, ઔદ્યોગિક વિસ્તારો, માછીમાર વસાહતો અને પ્રવાસન કેન્દ્રો વસેલા છે. મુંબઈ, ચેન્નઈ, કોલકાતા, કોચી, વિશાખાપટ્ટનમ, કંડલા અને મુન્દ્રા જેવા શહેરો અને બંદરો માત્ર ભૌગોલિક સ્થળો નથી; તેઓ ભારતના અર્થતંત્રના ધબકાર છે.

જો સમુદ્રનું જળસ્તર સતત વધતું રહેશે, તો સૌથી મોટો પ્રશ્ન માત્ર જમીન ગુમાવવાનો નહીં, પરંતુ કરોડો લોકોના સંભવિત વિસ્થાપનનો ઊભો થશે. મુંબઈ જેવા મહાનગરમાં દેશના લગભગ દરેક રાજ્યના લોકો રોજગાર માટે વસે છે. ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રના પણ લાખો પરિવારો ત્યાં પોતાની આજીવિકા સાથે જોડાયેલા છે. જો ક્યારેક દરિયાકાંઠાના વિસ્તારો મોટા પ્રમાણમાં અસુરક્ષિત બનશે, તો આવા લોકોને પોતાના મૂળ રાજ્યોમાં પાછા ફરવું પડી શકે. આ સ્થિતિમાં પુનર્વસન, રોજગારી, રહેઠાણ, શિક્ષણ અને આરોગ્ય જેવી અનેક નવી સમસ્યાઓ ઊભી થશે.

આબોહવા પરિવર્તનનો અર્થ માત્ર પર્યાવરણનો પ્રશ્ન નથી. તે રાષ્ટ્રીય સુરક્ષા, અર્થતંત્ર, ખાદ્ય સુરક્ષા, આંતરિક સ્થળાંતર અને સામાજિક સ્થિરતા સાથે પણ સીધો સંબંધ ધરાવે છે. તેથી હવે માત્ર દરિયાકિનારાઓ પર બંધ બાંધવા પૂરતું નહીં રહે. કેન્દ્ર અને રાજ્ય સરકારોએ લાંબા ગાળાનું આયોજન કરવું પડશે. દરિયાકાંઠાના શહેરોનું સંરક્ષણ, નવા શહેરી વિકાસનું આયોજન, જોખમગ્રસ્ત વિસ્તારોનું વૈજ્ઞાનિક મૂલ્યાંકન અને સંભવિત આંતરિક સ્થળાંતર માટેની પૂર્વ તૈયારી આજથી જ શરૂ કરવી પડશે.

ભારતે વિકાસ અને પર્યાવરણ વચ્ચે સંતુલન સાધવું પડશે. ઊર્જાના સ્વચ્છ સ્ત્રોતો, કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો, મેન્ગ્રોવ જંગલોનું સંરક્ષણ અને દરિયાકાંઠાના પર્યાવરણની જાળવણી હવે વૈકલ્પિક કાર્યક્રમો નથી, પરંતુ રાષ્ટ્રીય આવશ્યકતા છે.

દરિયો જ્યારે ચઢે છે ત્યારે તે માત્ર કિનારો જ નથી ડૂબાડતો; તે શહેરો, અર્થતંત્ર, રોજગારી અને માનવજીવનની આખી વ્યવસ્થાને પડકાર આપે છે. પ્રશ્ન એ નથી કે જળવાયુ પરિવર્તન આવશે કે નહીં, તે આવી ચૂક્યું છે. હવે પ્રશ્ન માત્ર એટલો છે કે શું આપણે સમયસર તેની સામે તૈયારી કરીશું કે પછી સંકટ આપણા દરવાજે આવે તેની રાહ જોઈશું?

એવું પણ નથી કે આ જોખમ માત્ર ભારત ઉપર જ છે. સમગ્ર વિશ્વના દરિયાકાંઠા તેના નિશાના પર છે. દુનિયા આખીએ પર્યાવરણના રક્ષણ માટે જાગૃત રહેવું પડશે. નહીંતર તેના માઠા પરીણામો ભોગવવા આખી દુનિયાએ તૈયાર રહેવું પડશે.

# વિક્રમ-૧એ ઈતિહાસ રચ્યો, ઓર્બિટમાં પહોંચ્યું રોકેટ, ૪૫૦ કિમી પર પેલોડ સ્થાપિત કરનાર ભારત ત્રીજો દેશ

## ભારતીય અંતરિક્ષ વિજ્ઞાનના ઈતિહાસમાં એક સુવર્ણ અધ્યાય જોડાયો

નવી દિલ્હી તા. ૧૮

ભારતીય અંતરિક્ષ વિજ્ઞાનના ઈતિહાસમાં આજે એક સુવર્ણ અધ્યાય જોડાયો છે. હૈદરાબાદની પ્રાઈવેટ સ્પેસ કંપની સ્કાયરૂપ એરોસ્પેસે સંપૂર્ણ રીતે ભારતમાં બનેલા પ્રાઈવેટ ઓર્બિટલ રોકેટ વિક્રમ-૧નું શ્રી હરિકોટાના સતીષ ધવન સ્પેસ સેન્ટરથી સફળતાપૂર્વક લોન્ચ કર્યું.

ભારતની ખાનગી સ્પેસ કંપની સ્કાયરૂટ એરોસ્પેસે આજે એક મોટી ઉપલબ્ધિ મેળવી છે. કંપનીનું વિક્રમ-૧ રોકેટ શ્રીહરિકોટાના સતીષ ધવન સ્પેસ સેન્ટરથી સફળતાપૂર્વક લોન્ચ થયું. આ ભારતના પ્રાઈવેટ સેક્ટરનું પહેલું ઓર્બિટલ રોકેટ લોન્ચિંગમાંથી એક છે, જેણે આખા દેશને ગર્વની અનુભૂતિ કરવાની તક આપી છે.

ભારતની ખાનગી સ્પેસ કંપની સ્કાયરૂટ એરોસ્પેસે આજે એક મોટી ઉપલબ્ધિ મેળવી છે. કંપનીનું વિક્રમ-૧ રોકેટ શ્રીહરિકોટાના સતીષ ધવન સ્પેસ સેન્ટરથી સફળતાપૂર્વક લોન્ચ થયું. આ ભારતના પ્રાઈવેટ સેક્ટરનું પહેલું ઓર્બિટલ રોકેટ લોન્ચિંગમાંથી એક છે, જેણે આખા દેશને ગર્વની અનુભૂતિ કરવાની તક આપી છે. મિશન આગમન હેઠળ આ લોન્ચિંગ એટલા માટે ખાસ છે કારણ કે આ ૭ માળ જેટલા ઊંચા રોકેટને ખુબ જ હળવા ઓલ કાર્બન કમ્પોઝિટ માળખા અને અત્યાધુનિક ૩ડી પ્રિન્ટેડ




એન્જિનથી તૈયાર કરાયું છે. આ સાથે જ ભારતે અંતરિક્ષની દુનિયામાં પોતાની પહેલી પ્રાઈવેટ કોમર્શિયલ છલાંગ લગાવી છે. વિક્રેમ-૧એ પોતાના ટાર્ગે સુધી પહોંચીને મોટી સિદ્ધિ મેળવી છે. ભારત આવું કરનારો દુનિયાનો ત્રીજો દેશ બન્યો છે.

૧૨.૦૫ કલાકે વિક્રમ-૧ને લોન્ચ કરાયું. રોકેટે નિર્ધારિત સમય પર તમામ તબક્કા પસાર કર્યા. ઉપગ્રહને યોગ્ય ઓર્બિટમાં સ્થાપિત કર્યા. ઈસરોના વૈજ્ઞાનિકોએ આ સમગ્ર પ્રક્રિયાને મોનિટર કરી. આ મિશનનું નામ આગમન રાખવામાં આવ્યું છે. મિશનની સફળતા બાદ સ્કાયરૂટ એરોસ્પેસના સંસ્થાપકોએ પીએમ મોદી સાથે વાત કરી. પીએમ મોદીએ વિક્રમ-૧ની આ ઐતિહાસિક ઉડાણ પર આખી ટીમને શુભેચ્છા પાઠવી.

ભારતના પહેલા પ્રાઈવેટ સ્પેસ મિશને ઈતિહાસના પાનામાં પોતાનું નામ સુવર્ણ અક્ષરે નોંધાવ્યું છે. સ્કાયરૂટ એરોસ્પેસના વિક્રમ-૧ની ટેસ્ટ ફ્લાઈટ-૧એ પોતાના મિશનને સો ટકા સફળતાપૂર્વક પૂરું કર્યું છે. ભારતના ઈતિહાસમાં પહેલીવાર પ્રાઈવેટ સેક્ટરથી તૈયાર કરાયેલા કોઈ ઓર્બિટલ રોકેટનો ટેસ્ટ સંપૂર્ણ રીતે સફળ રહ્યો. આ સફળતાની સાથે જ મિશન આગમનના તમામ ટાર્ગેટ પૂરા થયા છે. જેણે ભારતના અંતરિક્ષ વિજ્ઞાનમાં એક નવો અને ઐતિહાસિક યુગ શરૂ કર્યો છે.

આ લોન્ચ ફક્ત સ્કાયરૂટ માટે જ નહીં પરંતુ ભારતના આખા પ્રાઈવેટ સેક્ટર માટે એક મોટી તક છે. વર્ષ ૨૦૨૦માં સરકારે સ્પેસ સેક્ટરમાં મોટા ફેરફાર કર્યા હતા. ત્યારબાદ ખાનગી કંપનીઓને પણ રોકેટ, સેટેલાઈટ, અને લોન્ચ સર્વિસ પર કામ કરવાની મંજૂરી મળી.

# ઓપરેશન સિંદૂર બાદ પહેલીવાર LoC પર ભારે ગોળીબાર, ભારતીય સૈન્યનો જડબાતોડ જવાબ

શ્રીનગર તા. ૧૮

જમ્મુ-કાશ્મીર (PoJK)માં સતત બગડતી પરિસ્થિતિ અને જનતાના વિરોધ પ્રદર્શનથી દેશ અને દુનિયાનું ધ્યાન ભટકાવવા માટે પાકિસ્તાની સેનાએ ફરી એકવાર સરહદ પર ફરી એક નવો પેંતરો રચ્યો છે. શુક્રવારે મોડી રાત્રે જમ્મુ-કાશ્મીરના રાજૌરી જિલ્લામાં લાઈન ઓફ કંટ્રોલ (LoC) પર પાકિસ્તાન તરફથી ભારે ફાયરિંગ કરવામાં આવ્યું હતું. ભારતીય સેનાએ પણ આ ઉશ્કેરણીજનક ગોળીબારનો સામનો કરતા પાકિસ્તાનને તેની જ ભાષામાં જડબાતોડ જવાબ આપ્યો છે.

મળતી માહિતી મુજબ, શુક્રવારે રાત્રે આશરે ૧૦થી ૧૧ વાગ્યાની આસપાસ રાજૌરી જિલ્લાના તરકુંડી ફોરવર્ડ એરિયામાં પાકિસ્તાની સેના દ્વારા નાના હથિયારોથી અચાનક ભારે ગોળીબાર શરૂ કરી દેવામાં આવ્યો હતો. શરૂઆતમાં ભારતીય સેનાએ તેને માત્ર એક ઉશ્કેરણીજનક પ્રવૃત્તિ ગણીને ભારે સંયમ જાળવ્યો હતો. પરંતુ જ્યારે સરહદ પારથી ફાયરિંગ વધુ તેજ થયું, ત્યારે ભારતીય જવાનોએ પણ મોરચો સંભાળી લીધો અને પાકિસ્તાની ચોકીઓ પર જોરદાર વળતો પ્રહાર કર્યો હતો. આ ગોળીબાર મોડી રાત સુધી અટકતા-અટકતા ચાલુ રહ્યો હતો. જો કે, આ ઘટનામાં કોઈ જાનહાનિના અહેવાલ નથી.

સૈન્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર, બોર્ડર પર તહેનાત ભારતીય જવાનોએ રાત્રિના સમયે સરહદ પારથી કેટલાક શંકાસ્પદ આતંકીઓની હિલચાલ જોઈ હતી. આતંકીઓ ભારતીય સરહદમાં ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરી રહ્યા હોવાની આશંકા જણાતા જ સેનાએ તાબડતોબ ફાયરિંગ શરૂ કર્યું હતું. ત્યારબાદ પાકિસ્તાની સેનાએ આતંકીઓને કવર ફાયર આપવા માટે પોતાના તરફથી નાના હથિયારો વડે બ્લાઈન્ડ ફાયરિંગ શરૂ કરી દીધું હતું.

સરહદ પર તહેનાત સૈન્ય અધિકારીઓ હાલ સમગ્ર સ્થિતિ પર બારીકાઈથી નજર રાખી રહ્યા છે. ગયા વર્ષે સરહદ પર થયેલા 'ઓપરેશન સિંદૂર' બાદ આ પહેલીવાર છે જ્યારે બંને દેશો વચ્ચે આટલી ભારે માત્રામાં ગોળીબાર થયો હોય. આ પહેલા પણ પાકિસ્તાન દ્વારા ઘણી વખત સીમા પારથી ઘૂસણખોરી કરાવવાના પ્રયાસો થયા છે, જેને ભારતીય સેનાના જવાનોએ હંમેશા નિષ્ફળ બનાવ્યા છે. રાત્રિના સમયે થયેલા આ ફાયરિંગ બાદ શનિવારે સવારથી જ ભારતીય સેના દ્વારા સમગ્ર વિસ્તારમાં મોટા પાયે સર્ચ ઓપરેશન શરૂ કરી દેવામાં આવ્યું છે. સરહદની નજીક કોઈ ઘૂસણખોર અથવા આતંકવાદી છુપાયેલો ન રહે તે સુનિશ્ચિત કરવા માટે જવાનો ઝીણવટભર્યું ચેકિંગ કરી રહ્યા છે. આ સાથે જ કોઈપણ પ્રકારની કટોકટીનો સામનો કરવા માટે એલઓસી પર સેનાની તકેદારી અને સુરક્ષા વ્યવસ્થા અભેદ્ય કરી દેવામાં આવી છે.

# ટ્રમ્પનો નવો વિવાદિત પ્લાન : અમેરિકામાં ૧.૫૦ લાખ ભારતીય ટ્રક ડ્રાઈવરોની નોકરી જશે

વોશિંગ્ટન, તા.૧૮

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પ્રવાસીઓને લઈને એક નવો અને અત્યંત વિવાદિત પ્રસ્તાવ રજૂ કર્યો છે, જેની સીધી અસર ત્યાં વસતા લાખો ભારતીય પ્રવાસીઓ પર પડશે.

પેન્સિલવેનિયામાં આયોજિત 'મિલિટરી ઈન્વેસ્ટમેન્ટ સમિટ'માં સંબોધન કરતાં ટ્રમ્પે જાહેરાત કરી છે કે, તેમની સરકાર દેશના હાઈવે પર દોડતા પ્રવાસી ટ્રક ડ્રાઈવરોને હટાવીને તેમની જગ્યાએ અમેરિકી સેનાના નિવૃત્ત સૈનિકોને તૈનાત કરશે.

આ પ્રસ્તાવ હેઠળ, સેનામાં ભારે વાહનો ચલાવવાનો અનુભવ ધરાવતા અમેરિકી નાગરિકોને કોઈ પણ ઝંઝટ વિના સીધું જ કોમર્શિયલ ડ્રાઈવિંગ લાઈસન્સ આપી દેવામાં આવશે.

રાષ્ટ્રપતિ ટ્રમ્પે આરોપ લગાવ્યો છે કે, પ્રવાસી ડ્રાઈવરોમાંથી મોટા ભાગના નશાની લતમાં ડૂબેલા હોય છે અને રસ્તા પરના સાઈન બોર્ડ પણ વાંચી શકતા નથી, જેના કારણે અકસ્માતોમાં લોકોના જીવ જઈ રહ્યા છે. ટ્રમ્પ પ્રશાસન આ દિશામાં પહેલાથી જ મોટો ક્રેકડાઉન કરી રહ્યું છે. અહેવાલો અનુસાર, ચાલુ વર્ષના માર્ચ મહિનામાં જ નવા નિયમો હેઠળ અંદાજે બે લાખ જેટલા પ્રવાસી ડ્રાઈવરોના કોમર્શિયલ લાઈસન્સ રદ કરી દેવામાં આવ્યા છે, જેમની પાસે અગાઉ અમેરિકામાં રહેવા અને કામ કરવાના કાનૂની દસ્તાવેજો હતા.

# આંધ્રપ્રદેશ બાદ મહારાષ્ટ્રમાં કોરોનાની એન્ટ્રી

## કેસોમાં ધીમો વધારો નોંધાયો પરંતુ કોઈ નવી લહેરના સંકેત નથી; મોટાભાગનાં કેસ હળવા લક્ષણોવાળા

મુંબઈ, તા. ૧૮

આંધ્રપ્રદેશ બાદ હવે મહારાષ્ટ્રમાં પણ લગભગ ત્રણ વર્ષ સુધી શાંત રહ્યાં બાદ કોરોના વાયરસે ફરી એકવાર એન્ટ્રી કરી છે. ખાસ કરીને પુણે શહેરમાં છેલ્લાં ૧૦ દિવસ દરમિયાન કોવિડના કેસોમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે.

જો કે, રાહતની વાત એ છે કે, આ તમામ કેસો ખૂબ જ હળવા લક્ષણોવાળા છે અને રાજ્યમાં કોઈ નવી લહેર આવવાનાં સંકેતો નથી. આરોગ્ય નિષ્ણાતોના જણાવ્યાં અનુસાર, આ વાયરસ હવે ઈન્ફ્લુએન્ઝા એટલે કે સામાન્ય ફ્લૂ



જેવો જ આકાર લઈ ચૂક્યો છે, જેનાં કારણે સમયાંતરે કેસોમાં થોડો ઉછાળો જોવા મળી શકે છે.

રાજ્યનાં આરોગ્ય વિભાગનાં આંકડા દર્શાવે છે કે આ વર્ષે મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં કોવિડના કુલ ૪૮ કેસ નોંધાયાં છે અને સદનસીબે એક પણ દર્દીનું મોત થયું નથી. વર્ષ ૨૦૨૬ની શરૂઆતથી કેસોમાં ધીમે-ધીમે વધારો થયો છે.

જેમાં જાન્યુઆરીમાં ૩, ફેબ્રુઆરીમાં ૧, જૂનમાં ૧૧ અને જુલાઈ મહિનામાં અત્યાર સુધીમાં ૨૧ કેસ સામે આવ્યાં છે. આરોગ્ય અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે આ કેસો સામાન્ય કોવિડ ટેસ્ટિંગ દરમિયાન નહીં, પરંતુ અન્ય બીમારીઓની તપાસ અથવા ઓપરેશન પહેલાં કરવામાં આવતાં રૂટિન ફિટનેસ ચેકઅપ દરમિયાન પકડાયા છે.

જહાંગીર હોસ્પિટલનાં ઈન્ફેક્શિયસ ડિસીઝ સ્પેશિયાલિસ્ટ ડો. પિયુષ ચૌધરીના જણાવ્યાં મુજબ, હોસ્પિટલમાં છેલ્લાં કેટલાક દિવસોમાં કોવિડ અને ફ્લૂ બંનેનાં દર્દીઓ વધ્યાં છે. ઓમિક્રોન વેરિઅન્ટ કરતાં પણ આ વાયરસ ઘણો હળવો છે.

જેમાં દર્દીઓને સામાન્ય રીતે ઉધરસ, શરદી, ગળામાં દુખાવો અને થાક જેવા લક્ષણો ૩ થી ૫ દિવસ સુધી રહે છે. સમાજમાં સામાન્ય શરદી-ઉધરસ સમજીને ઘણા લોકો ટેસ્ટ કરાવતા ન હોવાથી અસલી આંકડો મોટો હોઈ શકે છે, પરંતુ લોકોમાં રોગપ્રતિકારક શક્તિ ઓછી થવાને કારણે દર એક-બે વર્ષે આવા કેસો સામે આવી શકે છે.

# અમેરિકાના ૭મા દિવસે પણ હુમલા : ઈરાનની ચેતવણી - હવે આરપારની થશે લડાઈ

## ઈરાની મિસાઈલ-ડ્રોનના હુમલાના જડબાતોડ જવાબ આપતા કુવૈત, જોર્ડન: સૈન્ય તનાવને પગલે હોર્મુઝમાં જહાજોની અવર-જવર ઘટી

વોશિંગ્ટન (અમેરિકા) તા.૧૮

ઈરાનમાં સાતમા દિવસે પણ અમેરિકાના હુમલા ચાલુ છે. અમેરિકી સેનાએ કાર્યવાહી દરમિયાન ઈરાનમાં પુલો અને પાણીના પ્લાન્ટ પર બોમ્બમારો કર્યો છે. અમેરિકી સેનાની કાર્યવાહી હોર્મુઝમાં મડાગાંઠને લઈને ટ્રમ્પની ધમકી બાદ થઈ રહી છે.

કુવૈતે બીજીવાર ઈરાની મિસાઈલ-ડ્રોનનો જવાબ આપ્યો: કુવૈતી સેનાએ કહ્યું છે કે તે ઈરાની મિસાઈલ અને હુમલાનો જવાબ આપી રહ્યું છે. સેનાએ નાગરિકોને અધિકારીઓ દ્વારા જાહેર સુરક્ષા નિર્દેશોનું સખ્તાઈથી પાલન કરવાની અપીલ કરી છે.

છેલ્લા કેટલાક કલાકોમાં આ બીજી વાર છે, જ્યારે કુવૈતી સેનાએ પોતાના



ક્ષેત્ર તરફ આવતા શત્રુતા પુર્ણ લક્ષ્યોને નિશાન બનાવ્યા છે. આદિવાસીઓએ જણાવ્યું છે. સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે.

અમેરિકાએ જાસ્ક અને બંદર અબ્બાસ પાસે હુમલા કર્યા: ઈરાનની અર્ધસરકારી તસ્નીમ સમાચાર એજન્સી મુજબ શનિવારે વહેલી સવારે અમેરિકાએ જાસ્કની આસપાસના વિસ્તારોમાં સૈન્ય હુમલા કર્યા હતા.

હાલ આ હુમલાથી જાનહાની કે નુકશાનની અધિકૃત જાણકારી નથી, જ્યારે બંદર અબ્બાસ-રુદાન માર્ગ પર અમેરિકી હુમલામાં બે મહત્વપૂર્ણ પુલોને ભારે નુકસાન પહોંચ્યું હતું. આ હુમલામાં અનેક ઈરાની નાગરિકોના મોત થયા છે અને અનેક ઘાયલ થયા છે.

બહેરીનમાં ત્રીજીવાર ગુંજી એર રેડ સાયરન: બહેરીનમાં કેટલાક કલાકોમાં ત્રીજી વાર એર રેડ સાયરન વગાડવામાં આવી. અધિકારીઓએ નાગરિકોને તરત સુરક્ષિત સ્થાનમાં શરણ લેવાની અપીલ કરી છે.

ખોર્રમાબાદમાં ધમાકાની ખબર: ઈરાની મીડીયાએ લુરેસ્તાન પ્રાંતના શહેર ખોર્રમાબાદમાં અનેક ધમાકાની સૂચના આપી છે. રિપોર્ટમાં દાવો કરાયો છે કે આ ધમાકા કુવૈતની દિશામાંથી છોડવામાં આવેલી અમેરિકી મિસાઈલોથી થયા છે, જો કે આ મામલામાં નુકસાન કે જાનહાનીના ખબર નથી.

જોર્ડને ૧૦ ઈરાની મિસાઈલો તોડી પાડી: જોર્ડનની સેનાએ કહ્યું છે કે આજે વહેલી સવારે તેના હવાઈ ક્ષેત્રમાં પ્રવેશેલી ૧૦ ઈરાની મિસાઈલોને વાયુ સુરક્ષા સિસ્ટમે સફળતાથી ઈન્ટરસેપ્ટ કરી નષ્ટ કરી દીધી છે. સેના અનુસાર આ કાર્યવાહી દેશના સંપ્રભુતાની રક્ષા અને નાગરિકોની સુરક્ષા નિશ્ચિત કરવા માટે કરવામાં આવી છે. આ ઘટનામાં કોઈ જાનહાની કે નુકસાનના ખબર નથી.

હોર્મુઝમાં જહાજોની અવર-જવરમાં મોટો ઘટાડો: અમેરિકા અને ઈરાન વચ્ચે ફરી વધેલા સૈન્ય તનાવની અસર દુનિયાના સૌથી મહત્વના સમુદ્રી વ્યાપાર માર્ગોમાના એક હોર્મુઝ જળડમરુ મધ્ય પર પણ જોવા મળી રહી છે.

જહાજોને ટ્રેકીંગ કરનારી વેબસાઈટ મરીન ટ્રાફિકના અનુસાર ગુરુવારે હોર્મુઝ સ્ટ્રેટની દેખરેખ વાળા ભાગથી માત્ર આઠ જહાજો પસાર થયાને પુષ્ટિ મળી છે, જયારે એક દિવસ પહેલા આ સંખ્યા ૧૫ હતી. તે ગત ત્રણ સપ્તાહનું સૌથી નીચલું સ્તર છે.

મરીન ટ્રાફીકે જણાવ્યું હતું કે આઠમાંથી સાત જહાજોએ ઈરાનવાળા સમુદ્રીમાર્ગનો ઉપયોગ કર્યો જયારે ઓમનવાળા માર્ગથી કોઈ જહાજ પસાર ન થયું. આ સિવાય તથાકથિત 'શેડો ફ્લીટ'ની પણ કોઈ ગતિવિધિ નથી નોંધાઈ. અમેરિકાના સતત હુમલાને પગલે બીજી બાજુ ઈરાને પણ હવે આર-પારની લડાઈની ચેતવણી આપી છે.

# રાયપુરમાં ઘરમાંથી એક જ પરિવારના પાંચ લોકોના મૃતદેહ મળ્યા

રાયપુર, તા.૧૮

છત્તીસગઢની રાજધાની રાયપુરના ટિકરાપારા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ આવેલા સંજય નગરમાંથી શુક્રવારે એક અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં એક જ મકાનમાંથી એક જ પરિવારના ૫ સભ્યોના મૃતદેહ મળી આવતાં સમગ્ર વિસ્તારમાં ભારે સનસનાટી ફેલાઈ ગઈ છે.

ઘટનાની જાણ થતાં જ ટિકરાપારા પોલીસ, વરિષ્ઠ પોલીસ અધિકારીઓ અને ફોરેન્સિકની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. પ્રાથમિક દ્રષ્ટિએ આ સામૂહિક આત્મહત્યાનો મામલો હોવાનું મનાય છે.

પોલીસ અને એફએસએલની ટીમ જ્યારે ઘટનાસ્થળે પહોંચી ત્યારે અંદરનું દ્રશ્ય હબકાવી દે તેવું હતું. પરિવારના ચાર સભ્યો કોમા જેવી ગંભીર સ્થિતિમાં પડ્યા હતા અને તેમના મોઢામાંથી ફીણ નીકળી રહ્યું હતું, જ્યારે પરિવારનો મુખ્ય સભ્ય સાજિદ ગંભીર હાલતમાં તરફડી રહ્યો હતો.

જોકે, તમામ ૫ સભ્યોના કણ મોત નીપજ્યા છે. તપાસ દરમિયાન પોલીસને ઘટનાસ્થળેથી કેટલીક ચિઠ્ઠીઓ મળી આવી છે, જેમાં કોઈ યુવતીને બોલાવવાનો અને એક સંબંધીના ફોન નંબરનો ઉપયોગ કરવાનો ઉલ્લેખ કરાયો છે. આ ચિઠ્ઠીઓએ સમગ્ર મામલામાં રહસ્ય વધારી દીધું છે.

પોલીસ આ ઘટના પાછળ કોઈ પારિવારિક વિવાદ, આર્થિક સંકટ કે અન્ય કોઈ કારણ જવાબદાર છે કે નહીં તે દિશામાં આસપાસના લોકોની પૂછપરછ કરી રહી છે. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, આ પરિવાર છેલ્લા કેટલાક સમયથી ભારે આર્થિક તંગીમાંથી પસાર થઈ રહ્યો હતો. એટલું જ નહીં, કેટલાક લેણદારો અવારનવાર તેમના ઘરે આવીને પૈસાની ઉઘરાણી માટે માનસિક રીતે પરેશાન પણ કરતા હતા.

# અમદાવાદના સ્માર્ટ મેકઓવર માટે ૨૭૧૯ કરોડ મંજૂર,

અમદાવાદ તા.૧૮

અમદાવાદના વિકાસને ચાર ચાંદ લાગવાના છે. દેશમાં સૌથી ટોપ પ્રાયોરિટી પર કોઈ શહેર હોય તો એ અમદાવાદ છે. અમદાવાદનો વિકાસ સૌથી ઝડપે વધી રહ્યો છે. ગુજરાતના સૌથી મહત્વના શહેર અમદાવાદને વિશ્વ લેવલનું બનાવવા સરકાર કોઈ કચાશ રાખવા માગતી નથી. અમદાવાદને વધુ સ્માર્ટ, સ્વચ્છ અને વૈશ્વિક સ્તરનું હબ બનાવવા માટે કેન્દ્ર સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયે એક મોટો નિર્ણય લીધો છે. 'અર્બન ચેલેન્જ ફંડ' અંતર્ગત શહેરના ભવિષ્યલક્ષી વિકાસ માટે કુલ ?૨,૭૧૯.૮૦ કરોડની માતબર રકમ મંજૂર કરવામાં આવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં સિટિઝન સેન્ટ્રિક અને ટકાઉ શહેરી વિકાસની દિશામાં લેવાયેલા આ નિર્ણયથી અમદાવાદના મહત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પબ્લિક ટ્રાન્સપોર્ટ સિસ્ટમમાં ધરખમ સકારાત્મક પરિવર્તન જોવા મળશે. આ ફંડિંગની મદદથી પશ્ચિમ, પૂર્વ અને અન્ય વિસ્તારોના જૂના-જર્જરિત ગટર નેટવર્કનું આધુનિકીકરણ કરાશે, જેનાથી ગટર લીકેજ અને ઓવરફ્લો જેવી રોજિંદી સમસ્યાઓમાંથી નગરજનોને કાયમી મુક્તિ મળશે.

અમદાવાદ ટેક્સટાઈલ ઉપરાંત ફાર્માસ્યુટિકલ્સ, કેમિકલ્સ, ઓટોમોબાઈલ અને આઈટી (IT) ક્ષેત્રનું એક મોટું હબ બન્યું છે. સાણંદ અને ચાંગોદર જેવા નજીકના ઔદ્યોગિક વિસ્તારોમાં વૈશ્વિક કંપનીઓના પ્લાન્ટ્સ હોવાથી આ શહેર દેશના જીડીપી (GDP) માં મોટું યોગદાન આપે છે.

# પ્રભારીમંત્રી કાંતિલાલ અમૃતિયાની જિ.પં.ના અધિકારીઓ સાથે બેઠક : કામગીરીની સમીક્ષા કરી

**મહેકમ, ગ્રાંટની વપરાશ, કામોની ગુણવત્તા, શિક્ષણ તથા આરોગ્ય, આંગણવાડી સહિતના પ્રશ્નોની ચર્ચા સાથે કામગીરીની સમીક્ષા કરી પ્રભારીમંત્રીશ્રીએ આપ્યું જરૂરી માર્ગદર્શન**



ભુજ,તા.૧૮

જિલ્લા પંચાયત ખાતે પ્રભારીમંત્રીશ્રી કાંતિલાલ અમૃતિયાએ જિલ્લા પંચાયતના ચૂંટાયેલા પદાધિકારીઓ તથા અધિકારીઓની સંયુક્ત બેઠક યોજીને જિલ્લામાં પ્રગતિહેઠળના વિકાસ કામોની કામગીરીની સમીક્ષા કરી હતી.

બેઠકમાં પ્રભારીમંત્રીશ્રીએ જિલ્લા પંચાયત હસ્તકના વિકાસકામોમાં ગુણવત્તામાં બાંધછોડ ન કરવા સાથે રાજ્ય સરકાર દ્વારા ફાળવાતી ગ્રાંટનો સમયમર્યાદામાં ઉપયોગ કરવા ખાસ તાકીદ કરી હતી. આ સાથે શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર રાજ્યમંત્રીશ્રી કાંતિલાલ અમૃતિયાએ વિકાસ શાખા, પંચાયત શાખા સહિતના વિભાગોના કામોની સમીક્ષા કરીને જરૂરી સૂચના સાથે માર્ગદર્શન આપ્યું હતું. બેઠકમાં જિલ્લા પંચાયતના વિવિધ સમિતિના હોદ્દેદારોએ ઉપસ્થિત રહીને મહેકમ, શિક્ષણ, આરોગ્ય, આંગણવાડી સહિતના પ્રશ્નો રજૂ કર્યા હતા.

પ્રભારીમંત્રીશ્રીએ પ્રશ્નોની રજૂઆતો સાથે કામગીરીની સમીક્ષા કરીને કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો અમલી કરવા જિલ્લા વિકાસ અધિકારીશ્રીને સૂચના આપી હતી. જેમાં સૂચારૂ તથા પારદર્શક વહીવટ માટે જિલ્લા પંચાયતના દરેક વિભાગની બહાર ફરીયાદ પેટી મુકવા, વિકાસ કામોમાં નાણાનો યોગ્ય વપરાશ થાય તે માટે યોગ્ય બજારભાવ મેળવીને કામગીરી કરાવવા, સમયમર્યાદામાં ગ્રાંટની રકમ વાપરવા તેમજ જિલ્લા તથા તાલુકાની વિકાસ ડાયરી બનાવવા સાથે યોજનાકીય કામોના અમલીકરણ માટે વાર્ષિક પ્લાનીંગ કરવા ખાસ સૂચના આપી હતી.

આ પ્રસંગે સાંસદશ્રી વિનોદભાઇ ચાવડાએ કચ્છ જિલ્લામાં મહેકમ ઘટ્ટની સમસ્યાને ઉકેલવા રાજ્ય સરકારની મંજૂરીથી ભૂતકાળની જેમ જિલ્લા પંચાયત હસ્તક સ્થાનિક ભરતી કરવા અંગે સૂચન કર્યું હતું. આ સાથે હાથ ધરાતા વિકાસકામો સમયમર્યાદામાં પૂર્ણ થાય તેવું આયોજન કરવા જણાવ્યું હતું.

બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી ઉત્સવ ગૌતમે વિવિધ વિભાગની કામગીરી, જિલ્લા આંતરફેર બદલી, મહેકમની ખાલી જગ્યાઓ સહિતની માહિતીથી પ્રભારીમંત્રીશ્રીને અવગત કર્યા હતા.

બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પ્રભાબેન હુણ, સર્વે ધારાસભ્યોશ્રી કેશુભાઇ પટેલ, શ્રી પ્રદ્યુમ્નસિંહ જાડેજા, શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા, શ્રી માલતીબેન મહેશ્વરી, જિલ્લા પંચાયત ઉપપ્રમુખશ્રી મહાવીરસિંહ જાડેજા, ગાંધીધામ મહાગરપાલિકાના મેયરશ્રી દિવ્યાબેન નાથાણી, આગેવાનશ્રી ફલજીભાઈ ચોધરી, શ્રી દેવજીભાઈ વરચંદ, જિલ્લા પંચાયતના વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ તથા પંચાયતના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા

## આજના દર્શન







# નિરોણામાં અષાઢી બીજ નિમિત્તે ફુલપીર દાદા સંકુલ ખાતે પાટ કોરી યોજાઇ

**ભક્તિભાવપૂર્વક પાટના દર્શન, ભજન-કીર્તન અને મહાપ્રસાદ સાથે અષાઢી બીજની ઉજવણી**



ભુજ,તા.૧૮

પાવર પટ્ટીના નિરોણા ગામે કચ્છી નવા વર્ષ અને અષાઢી બીજના પાવન અવસરે ફુલપીર દાદા સંકુલ ખાતે પરંપરાગત પાટ કોરીનો ધાર્મિક કાર્યક્રમ શ્રદ્ધા, ભક્તિ અને ઉત્સાહભેર યોજાયો હતો. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગામજનો, ભક્તો તથા સમાજના આગેવાનો ઉપસ્થિત રહી ધર્મલાભ મેળવ્યો હતો.

અષાઢી બીજના શુભ દિવસે ભક્તોએ ફુલપીર દાદાના ચરણોમાં વંદન કરી સમગ્ર કચ્છમાં સુખ-શાંતિ, સમૃદ્ધિ, સારા વરસાદ અને સર્વાંગી વિકાસ માટે પ્રાર્થના કરી હતી. ખેડૂતો માટે નવા કૃષિ વર્ષની શુભ શરૂઆતના પ્રતિકરૂપ આ પવિત્ર દિવસે ઉત્તમ પાક અને પશુધનની સમૃદ્ધિ માટે પણ પ્રાર્થનાઓ કરવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન ભજન-કીર્તન, પૂજન-અર્ચન અને ધાર્મિક વિધિઓ યોજાતા સમગ્ર ફુલપીર દાદા સંકુલ ભક્તિમય વાતાવરણથી ગુંજી ઉઠ્યું હતું. ભક્તજનોએ શ્રદ્ધાપૂર્વક પાટના દર્શન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

કાર્યક્રમના અંતે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભક્તોએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ગામના યુવાનો, વડીલો અને આયોજક મંડળે જહેમત ઉઠાવી હતી.

# રઘુવંશી યુવા શક્તિ સંઘ કરછ સંગઠન દ્વારા શ્રી મેઘજી શેઠ શૌર્ય સ્મરણ મહોત્સવ

ભુજ,તા.૧૮

રઘુવંશી યુવા શક્તિ સંઘ કરછ સંગઠન દ્વારા શ્રી મેઘજી શેઠ શૌર્ય સ્મરણ મહોત્સવ યોજવામાં આવ્યો જેમાં મેઘજી શેઠ ની ૯મી પેઢી નો સન્માન કરવામાં આવ્યો, દીપ પ્રાગટ્ય, શ્રી વીર મેઘજી શેઠ ની વીર ગાથા જણાવવામાં આવી, ફૂલ અને હારતોરા વડે શ્રી મેઘજી શેઠ શૌર્ય જીવન વિશે સમાજના લોકો ને જણાવામાં આવ્યો, કરછ ને પાકિસ્તાન થતા કેમ બચાવમાં આવ્યો અને કેવી રીતે બચાવમાં આવ્યો, આ કાર્યક્રમ માં શ્રી ભુજ લોહાણા મહાજન ના પ્રમુખ શ્રી ડો.મુકેશભાઈ ચંદે, કમલભાઈ કારિયા, હિતેષભાઇ ચત્રભુજ, હર્ષદભાઈ ઠક્કર, મહેશભાઈ રાજદે, ધર્મેન્દ્રભાઈ ચંદે, રાજુભાઈ પલણ, તુષારભાઇ આઇયા, જ્યેશભાઈ ઠક્કર, નવીનભાઈ રૂપારેલ,



ભરતભાઈ રાણા, દિપકભાઈ રેલોન, તેમજ શ્રી રઘુવંશી યુવા શક્તિ સંઘ કરછ જિલ્લા પ્રમુખ શ્રી વિરેન ઠક્કર રઘુવંશી, ઉ.પ. શ્રી ચિરાગભાઈ જોબનપુત્રા, રાજેશભાઈ ચોથાણી અને સમગ્ર ટીમ તેમજ શ્રી રઘુવંશી મહિલા શક્તિ સંઘ કરછ ની મહિલા કારોબારી ટીમ તેમજ ભુજ મધ્યે વસવાટ કરતા રઘુવંશી સમાજના યુવાઓ, બહેનો બહોળી સંખ્યામાં પધાર્યા હતા.

# કચ્છના ૧૨ યુવાનોએ પંચમ કૈલાશ એવાં દુર્ગમ "મણીમહેશ" ની યાત્રા પુર્ણ કરી

**આજના યુવાનો ખોરાકની શુદ્ધતા સાથે શારીરિક સ્વાસ્થ્ય જાળવીને ભારતમાં જ સાહસિક યાત્રા/પ્રવાસો કરે એ સમયની માંગ**



ભુજ,તા.૧૮

હિંદુ ધર્મમાં કૈલાશ માનસરોવરનું વિશેષ મહત્ત્વ છે અને ઘણાં શ્રદ્ધાળુઓ અહીંની યાત્રા કરવાનું સ્વપ્ન સાકાર કરે છે. પણ તે ઉપરાંત અન્ય ચારમાં આદિ કૈલાશ, કિન્નોર કૈલાશ, શ્રીખંડ કૈલાશ અને મણીમહેશ કૈલાસ. વગેરે ચાર કૈલાશનું મહત્ત્વ અને માહાત્મ્ય પણ જરાય ઓછું નથી.

વાત કરીએ પંચમ કૈલાશ "મણિ મહેશ" ની તો હિમાચલ પ્રદેશના ચંબા જિલ્લામાં આવેલ આ સ્થળે પહોંચનાર શ્રદ્ધાળુઓ સામાન્ય રીતે માત્ર પવિત્ર શિવકુંડમાં ડુબકી લગાવવા ઉપરાંત એ તળાવની જ પરિક્રમા કરે છે. પરંતુ બહુ જ ઓછા લોકો અહીં વિશાળ પર્વત સ્વરૂપે બિરાજતા ભગવાન મણિ મહેશની કુલ બાવન કિલોમીટર લાંબી અને અતિ મુશ્કેલ એવી સંપુર્ણ પરિક્રમા કરે છે.

ચાલુ મહિને કચ્છનાં માધાપર, મિરઝાપર, માનકુવા, નારણપર અને દહિંસરાના કુલ ૧૨ મિત્રોએ એ પરિક્રમા કરવાનું સાહસ કર્યું અને બેઝ કેમ્પથી લઈને જોતનુ પાસ સુધી ૧૬ હજાર ફુટની ઊંચાઈએથી કુલ ચાર દિવસે સફળતાપૂર્વક પરત નીચે આવ્યા.

૧૮ વર્ષના કેશવ હાલાઈથી લઈને ૫૧ વર્ષિય મનજીભાઈ હિરાણી સહિતના ટ્રેક બડીશ (ચડાઈ સાહસિક મિત્રો) ગ્રુપના આ કચ્છી સાહસિકોએ જ્યાં જુઓ ત્યાં બરફ અને રસ્તાની બંને બાજુ ઉંચાં ગ્લેશિયરની દિવાલો વચ્ચે છેક ઉપર પહોંચીને રાષ્ટ્રનું ગૌરવ એવો તિરંગો લહેરાવીને નોંધ્યું કે શુન્ય ડીગ્રી તાપમાન અને તંબુમાં નિવાસ વચ્ચે રાત્રી રોકાણ સાથે ચાલુ વર્ષે પોતાનાથી અગાઉ માત્ર એક જ ગ્રુપ આ પર્વતની દુર્લભ પરિક્રમા પુર્ણ કરી શક્યું છે.

અગાઉ શ્રીખંડ કૈલાશ અને કિન્નોર કૈલાશની અતિ સાહસિક યાત્રા પુરી કરી ચુકેલ માધાપરનો યુવાન દેવ વરસાણી કહે છે કે અહીં અથવા આવી કોઈપણ જગ્યાએ પહોંચવા માટે ખર્ચ કરતાં પણ વધુ શારીરિક સ્વાસ્થ્ય, સાહસ અને તેથીયે વધુ મહાદેવ પ્રત્યેની અપ્રતિમ શ્રદ્ધાની જરૂર પડે છે.

આ લખનાર પાસે પોતાનો વિચાર જણાવતાં દેવ કહે છે કે માત્ર મોજ મસ્તી ખાતર મોટા ખર્ચ સાથે વિદેશમાં ફરવા કરતાં દેશના યુવાનોએ નિર્વ્યસની રહેવા સાથે શારીરિક સ્વાસ્થ્ય માટે ખોરાકની શુધ્ધતા અને મનની શાંતિ માટે આધ્યાત્મમાં રસ લઈને આપણા ભારતનાં જ આવાં અનેક સુંદર પ્રાકૃતિક સ્થળોએ યાત્રા અને પર્યટનને પ્રાધાન્ય આપવા સાથે આવશ્યક હોય ત્યાં વિમાન અને સારી ટ્રેનની સુવિધાનો લાભ લેવા સાથે જરૂર પડે ત્યાં એસ.ટી. જેવી સ્થાનિક પરિવહનની સસ્તી અને અઘરી મુસાફરી ઉપરાંત ગમે તેવી પરિસ્થિતિમાં ગમે ત્યાં રહેવું, જમવું અને સુઈ જવાની માનસિકતા પણ કેળવવી જોઈએ.

# લખપત તાલુકામાં દિવ્યાંગતા પ્રમાણપત્ર કેમ્પ યોજાયો

**82 દિવ્યાંગ લાભાર્થીઓએ સ્થળ પર જ આરોગ્ય તપાસ અને પ્રમાણપત્ર પ્રક્રિયાનો લાભ મેળવ્યો**

ભુજ,તા.૧૮

જિલ્લા કલેક્ટરના માર્ગદર્શન તેમજ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી (CDHO) અને તાલુકા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ સામૂહિક આરોગ્ય કેન્દ્ર (CHC) દયાપર ખાતે દિવ્યાંગતા પ્રમાણપત્ર કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં લખપત તાલુકાના વિવિધ ગામોમાંથી આવેલા 82 દિવ્યાંગ લાભાર્થીઓએ સ્થળ પર જ નિષ્ણાત તબીબો દ્વારા આરોગ્ય તપાસ, તબીબી મૂલ્યાંકન અને દિવ્યાંગતા પ્રમાણપત્ર માટેની પ્રક્રિયાનો લાભ મેળવ્યો હતો.

સામૂહિક આરોગ્ય કેન્દ્ર દયાપરના અધિક્ષક ડૉ. લોધ્રાના માર્ગદર્શન હેઠળ જી.કે. જનરલ હોસ્પિટલ, ભૂજના નિષ્ણાત તબીબો ડૉ. મુતાઝીર માસ્ટર (ઓર્થોપેડિક), ડૉ. ખુશી ગણાત્રા (માનસિક રોગ નિષ્ણાત), ડૉ. રાજ ચૌધરી (ENT) અને ડૉ. અનુષ્કા પ્રજાપતિ (નેત્રરોગ નિષ્ણાત) દ્વારા લાભાર્થીઓની વિગતવાર આરોગ્ય તપાસ કરવામાં આવી હતી. સાથે દિવ્યાંગતા પ્રમાણપત્ર માટે જરૂરી તબીબી મૂલ્યાંકન પણ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે જિલ્લા સુપરવાઈઝર વિનોદભાઈ ગેલોતર, ઇમરાનભાઈ મન્સૂરી અને વિશાલભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

તેમણે દિવ્યાંગ લાભાર્થીઓને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંગે માર્ગદર્શન આપી આરોગ્ય વિભાગની સેવાકીય કામગીરીને બિરદાવી હતી. કેમ્પને સફળ બનાવવા માટે ડૉ. લોધ્રા, અજય સોલંકી, વિશાલ ગુસાઈ, RBSK ટીમ, CHO, FHW, MPHW સહિત તાલુકા આરોગ્ય વિભાગના તમામ અધિકારીઓ અને કર્મચારીઓએ નોંધપાત્ર કામગીરી બજાવી હતી.આરોગ્ય વિભાગ દ્વારા દિવ્યાંગ નાગરિકોને તેમના વિસ્તાર નજીક જ નિષ્ણાત તબીબી સેવા, દિવ્યાંગતા પ્રમાણપત્ર અને સરકારશ્રીની વિવિધ સહાયકારી યોજનાઓનો સરળતાથી લાભ મળી રહે તે હેતુથી સમયાંતરે આવા લોકહિતના કેમ્પોનું આયોજન કરવામાં આવે છે, જે દિવ્યાંગ નાગરિકો માટે ખૂબ જ લાભદાયી સાબિત થઈ રહ્યા છે.



# માંડવીની કોલેજમાં ગુંજી કચ્છી અસ્મિતા: અષાઢી બીજના યોજાયો સાંસ્કૃતિક કાર્યક્રમ

જ્યેશ શાહ દ્વારા, માંડવી,તા.૧૮

કચ્છની ધરાનું નૂતન વર્ષ એટલે કે અષાઢી બીજ. આ પવિત્ર અને ઉત્સાહભર્યા અવસરે, શેઠ શૂરજી વલ્લભદાસ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, માંડવીના ગ્રાન્ટ-ઇન-એઇડ ગુજરાતી વિભાગ દ્વારા તારીખ ૧૬/૦૭/૨૦૨૬ના રોજ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના વિદ્યાર્થીઓએ ભારે ઉત્સાહ અને ઉમંગ સાથે આ ઉજવણીમાં ભાગ લઈ કચ્છી સંસ્કૃતિનો અનોખો નજારો રજૂ કર્યો હતો. કચ્છની ગરીમામય અસ્મિતાને દીપાવતા અને મેઘરાજાના મીઠા વધામણાં આપતા મધુર ગીતોથી સમગ્ર હોલ ગુંજી ઉઠ્યો હતો. કોલેજની વિદ્યાર્થીઓ રાજગોર ભૂમિ, ધેડા નંદની, મહેશ્વરી હર્ષા, ગઢવી નાગશ્રી, મહેશ્વરી જાગૃતિ, રોશિયા શુભમ અને ગઢવી ભાવેશે પોતાના મધુર કંઠે ગીતો રજૂ કરીને શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. સાહિત્યના રંગો વેરતા ગઢવી તેજસ્વી, ચાવડા પૂનમબા અને ટાપરિયા દેવશ્રીબેને કચ્છની ખુમારી અને સંસ્કૃતિને આલેખતી સુંદર કવિતાઓ રજૂ કરી હતી. આ સાથે જ, મહેશ્વરી જીયા, વાસાણી કાવ્યા અને વાઘેલા સપનાબેને અષાઢી બીજ અને જગન્નાથજીની રથયાત્રાના આધ્યાત્મિક અને ઐતિહાસિક મહત્વ પર પોતાના સચોટ વક્તવ્યો આપી સૌને કચ્છની મહાન વિરાસતથી પરિચિત કર્યા હતા. કાર્યક્રમમાં એક ખૂબ જ સુંદર નાટક પણ રજૂ કરવામાં આવ્યું હતું. વરસાદની આતુરતાપૂર્વક રાહ જોતા કચ્છના એક ગરીબ ખેડૂત અને તેની વ્હાલી દીકરીની હૃદયદ્રાવક મનોવ્યથાને રજૂ કરતું આ નાટક રાજગોર આયુષી અને જોષી સાહિલ દ્વારા ભજવવામાં આવ્યું હતું. આ ગરિમામય કાર્યક્રમનું ઉત્કૃષ્ટ અને અસ્ખલિત સંચાલન જહાન્વીબેન રાજગોર દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં ગુજરાતી વિભાગના પ્રોફેસર શ્રી પૂજાબેન ગોર અને શ્રી મનિષાબેન મોતાએ કો-ઓર્ડિનેટર તરીકે પ્રશંસનીય અને ભગીરથ જવાબદારી નિભાવી હતી.

આ પ્રસંગે કોલેજના આદરણીય આચાર્ય ડૉ. મહેશકુમાર બારડ, ડૉ. કિર્તીદાબેન વ્યાસ, ડૉ. જિજ્ઞાસાબેન, ડૉ. ચંદ્રકાંત પટેલ, પ્રો. વિપુલ મિસ્ત્રી, પ્રો. શાંતિલાલ ડાંગેરા તેમજ અન્ય પ્રાધ્યાપકગણે ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

# પુનડીમાં મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા. આદિઠાણા-૮ નો આવતીકાલે ચાતુર્માસ પ્રવેશ

**રવિવારે સવારે ૮:૪૫ કલાકે એસ.પી.એમ.ફાર્મથી પુનડી ખાતે પ્રવેશ કરશે**



જ્યેશ શાહ દ્વારા, માંડવી,તા.૧૮

માંડવી તા.ના પુનડી ગામે આગમ દિવાકર, પ્રશમરસનિધિ પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ ઠાણા-૮ નું ચાતુર્માસ પ્રવેશ તા. ૧૯/૭/૨૬, રવિવારે સવારે ૮:૪૫ કલાકે એસ.પી.એમ.ફાર્મથી પુનડી મધ્યે પુનડીના ગ્રામજનો, પર-૪૨ ગામના આગેવાનો, મુંબઈગરાઓ મોટી સંખ્યામાં પ્રવેશ પ્રસંગે પધારશે. જેઅંગે તડામાર તૈયારીઓ ચાલે છે.

# આકાશમાં ૨૧ ઓગસ્ટ સુધી આકાશમાં ડેલ્ટા-એકવેરીડ્સ ઉલ્કા વર્ષાનો નજારો

**દુનિયાભરમાં ૩૦ દિવસ સુધી અવકાશમાં ઉલ્કા વર્ષાનો અદ્‌ભૂત નજારો જોવા મળશે**

અમદાવાદ,તા.૧૮

દુનિયાભરમાં લોકોએ મે માસમાં ઈટા-એકવેરીડ્સ ઉલ્કા વર્ષા સ્પષ્ટ નજરે નિહાળી હતી. 50 દિવસના વિરામ બાદ ફરીને ઉલ્કા વર્ષાનો પ્રારંભ થનાર છે તેમાં વિશ્વમાં આજથી ૧૮મી જુલાઈ થી ૨૧મી ઓગસ્ટ સુધી ડેલ્ટા-એકવેરીડ્સ ઉલ્કા વર્ષા આકાશમાં જોવા મળશે. વિશ્વના ખગોળ વૈજ્ઞાનિકોએ દરિયાઈ તથા પર્વતીય વિસ્તારોમાં પડાવ નાખવાની તૈયારી પૂર્ણ કરી દીધી છે. ત્યારે રાજ્યમાં જાગૃતોને અવકાશી ઉલ્કા વર્ષાનો અદભૂત નજારો નિહાળવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજ્ય કચેરીએ અપીલ કરી છે. વરસાદી વાદળા હશે ત્યાં જોવા મળશે નહિ, સ્વચ્છ આકાશમાં જોવા મળશે.

જાથાના રાજ્ય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે મધ્યરાત્રિ બાદ ડેલ્ટા-એકવેરીડ્સ ઉલ્કા વર્ષા પડતી જોવા મળશે. જુલાઈ તા. ૨૯, ૩૦ અને તા. ૩૧ ના રોજ તથા ઓગસ્ટના અમુક દિવસોમાં આકાશમાં ઉલ્કા વર્ષાનો વરસાદ જોવા મળશે. કલાકના ૧૫ થી ૨૦ અને વધુમાં વધુ વિદેશમાં ૫૦ ઉલ્કા વર્ષા જોવા મળશે. આકાશમાં ઉલ્કા જોવા મળશે. ઉલ્કા આકાશમાં જ એક-બે સેકન્ડમાં બળીને રાખ થઈ જાય છે.



વધુમાં પંડયાએ જણાવ્યું કે ડેલ્ટા-એકવેરીડ્સ ઉલ્કા વર્ષાની મહત્તમ દિવસ ચાર થી પાંચ હોય છે. મોડી રાતથી પરોઢ સુધી સ્વચ્છ આકાશમાં ઉલ્કા વર્ષા જોઈ શકાય છે. જુલાઈના અંતથી ઓગસ્ટના અમુક દિવસો સુધી ક્રમશઃ ઉલ્કા જોઈ શકાશે. નરી આંખે નિર્જન જગ્યાએથી સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. ઉલ્કા વર્ષા વર્ષ દરમ્યાન ૧૦ થી ૧૨ વખત અને વધુમાં વધુ ૫ વખત આકાશમાં જોવા મળે છે. આ ઉલ્કા વર્ષાઓ પાછળ ધૂમકેતુઓ કારણભૂત છે. સૌરભંડળમાં એવા પણ ધૂમકેતુઓ છે કે જે પોતાના સૂર્ય ફરતેના ભ્રમણ દરમ્યાન પૃથ્વીની ભ્રમણકક્ષાને કાપે છે. આ ધૂમકેતુઓનું સતત વિસર્જન થતું રહેતું હોય છે અને તેમાંથી વિસર્જીત થયેલ પર્દાફાશ ધૂમકેતુની દિશા જાળવી રાખે છે. આ રીતે જોઈએ તો દરેક ધૂમકેતુ પાછળ વિસર્જીત પદાર્થોનો શેરડો છોડતો જાય છે. જ્યારે પૃથ્વી પર આ વિસર્જીત પદાર્થોની વચ્ચેથી પસાર થાય છે ત્યારે સાપેક્ષ વેગના કારણે આ ટુકડાઓ પ્રચંડ વેગે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. આવા સમયે તેમનો મહત્તમ વેગ સેકન્ડના ૩૦ કિલોમીટર જેટલાનો અનુમાન રખાય છે. વાતાવરણમાં રહેલ વાયુઓ સાથે ઘર્ષણના કારણે આ ટુકડાઓ સળગી ઉઠે છે અને તે જ લીસોટા, અગ્નિ સ્વરૂપે અવકાશમાં જોવા મળે છે. તેને પ્રકારમાં ફાયરબોલ – અગનગોળા કે ઉલ્કા વર્ષા કહેવાય છે. ઈન્ટરનેશનલ મેટીયોર ઓર્ગેનાઈઝેશન ઉલ્કા પડવાની નોંધ રાખે છે. વિશેષમાં એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે ઉલ્કા વર્ષા નિહાળવા મધ્યરાત્રિ બાદ અને વહેલી પરોઢનો સમય શ્રેષ્ઠ છે. મોટેભાગે વહેલી પરોઢે મહત્તમ ઉલ્કા વરસાદ જોવા મળે છે. વિદેશમાં લોકો દરિયાઈ કિનારે તથા પર્વતીય-ખડકાળ, નિર્જન જગ્યાને પસંદ કરી ચાર-પાંચ દિવસનો પડાવ નાખે છે. ચારેય દિશમાં ખગોળરસિકોને ગોઠવી ઉલ્કાના આંકડાની નોંધ રાખવામાં આવે છે. સેકન્ડની ગણતરીમાં દિવાળીની આતશબાજી, રંગબેરંગી ફટાકડાના દ્રશ્યો અવકાશમાં જોવા મળે છે. ઘણા લોકો ગુણવત્તાના દુરબીનની વ્યવસ્થા કરી નજારો જોવે છે. ઉલ્કા વરસાદને નજરકેદ કરવા ૧૦×૫૦ નું મેગ્નીફીકેશન ધરાવતું દૂરબીન ગોઠવી શકાય છે. જાથાએ ફાયરબોલ ફોટોગ્રાફી, ઈન્ટરનેટ મિત્રોના સહયોગ મેળવી ડિઝીટલ વિડીયોગ્રાફી કેમેરામાં કેદ કરવા આયોજન ગોઠવ્યું છે. ઉલ્કાનો નજારો જોવામાં ઘણીવાર નિરાશા સાપડે છે. સૂર્યપ્રકાશમાં પડે તે જોઈ શકાતી નથી. રાત્રીના નરી આંખે જોઈ શકાય છે.




ભુજમાં શુદ્ધ શાકાહારી ભોજન, ઓફિસ,બેંક અને વિદ્યાર્થીઓ માટે

હોમ ડિલીવરી ફ્રી

ૐ ઓમ ટીફીન સર્વિસ

સંપર્ક મો. ૮૪૯૦૯૯૫૩૮૪

MUSKAN

RO

SALES & SERVICE

Fresh Aqua-Oseas Aqua

anam nagar, atmaram circle, bhuj-kutch, 370001

Sarif Luhar- 95103 62011

Mustak Luhar - 98258 52498


Printer, Publisher & Owned by RAM KARSHANDAS THACKER Printed at JAHNAVI Offset, 105/B,Lotus colony BHUJ-KUTCH370001. Publish at VAVAD, 'AKSHARDHAM' 104/A, Lotus colony BHUJ-KUTCH,Editor RAM KARSHANDAS THACKER

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની જનસેવક તરીકેની આગવી કર્તવ્ય નિષ્ઠા

# પોતાના જ જન્મ દિવસે સરકારી કામકાજમાં જ વ્યસ્ત રહ્યા

## દિવસભર વિવિધ વિભાગોની કામગીરી સમીક્ષા બેઠકો યોજી અને ફ્લેગશીપ પ્રોજેક્ટ્સની સ્થળ મુલાકાત કરી

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોતાની આગવી જનહિતલક્ષી સંવેદનશીલતા માટે મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી તરીકેની લોકચાહના મેળવી છે

અમદાવાદ,તા.૧૮

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોતાની આગવી જનહિતલક્ષી સંવેદનશીલતા માટે મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી તરીકેની લોકચાહના મેળવી છે. તેમણે બુધવારે પોતાના જન્મદિવસે દિવસભર શહેરી વિકાસ વિભાગ, માહિતી પ્રસારણ વિભાગ સહિત રાજ્ય સરકારના વિવિધ વિભાગોની સર્વગ્રાહી કામગીરી સમીક્ષા બેઠકમાં વ્યસ્ત રહીને જનસુવિધા સુખાકારી માટેના કામોનું માર્ગદર્શન આપ્યુ હતું અને આ લોકચાહનાને વધુ પ્રબળ બનાવી હતી.

એટલુ જ નહિ, વડાપ્રધાનશ્રીના ડ્રિમ પ્રોજેક્ટ અને દેશના ફાયનાન્સિયલ હબ તરીકે પ્રથાપિત થઈ રહેલા ગિફ્ટ સિટીમાં કાર્યરત અને પ્રગતિ હેઠળના પ્રોજેક્ટ્સની મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વરિષ્ઠ અધિકારીઓ સાથે સ્થળ મુલાકાત કરીને સ્થળ સમીક્ષા હાથ ધરી હતી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહ સહિત જુદા જુદા રાજ્યોના રાજ્યપાલશ્રીઓ, મુખ્યમંત્રીશ્રીઓ, કેન્દ્રિય મંત્રીશ્રીઓ અને પદાધિકારીઓ તથા સમાજ જીવનના અગ્રણીઓ વગેરે મુખ્યમંત્રીશ્રીને તેમના જન્મ દિવસ પ્રસંગે ટેલિફોનિક શુભેચ્છાઓ પાઠવી હતી અને રાજ્યના અવિરત વિકાસમાં તેમનું યોગદાન મળતું રહે એવી શુભકામનાઓ વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ પોતાના જન્મદિવસે કામકાજની શરૂઆત રાજ્ય મંત્રીમંડળની બેઠકથી કરી હતી અને ત્યારબાદ સતત વિભાગોની બેઠકોમાં વ્યસ્ત રહ્યા હતા









## ગુજરાતના કચ્છ લોકસભાના સાંસદ વિનોદ ચાવડાનું વર્લ્ડ બુક ઑફ રેકોર્ડ્સ યુકે દ્વારા સન્માન




સંસદીય કાર્યકાળ દરમિયાન સતત ત્રણ વખત ચૂંટાયેલા સાંસદ તરીકે સૌથી વધુ સોશિયલ મીડિયા પોસ્ટ્સ પ્રકાશિત કરવા બદલ, તેમજ પારદર્શક શાસન, ડિજિટલ જનસંપર્ક, નાગરિકો સુધી અસરકારક પહોંચ અને વેરિફાઈડ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ દ્વારા સતત સંવાદ જાળવવાની અસાધારણ પ્રતિબદ્ધતા બદલ શ્રી વિનોદ લખમશી ચાવડાને વર્લ્ડ બુક ઑફ રેકોર્ડ્સ, યુકે દ્વારા સન્માનિત કરવામાં આવ્યા. કચ્છ લોકસભાના સાંસદ શ્રી વિનોદ લખમશી ચાવડાને તેમના સંસદીય કાર્યકાળ દરમિયાન સતત ત્રણ વખત ચૂંટાયેલા સાંસદ તરીકે સૌથી વધુ સોશિયલ મીડિયા પોસ્ટ્સ પ્રકાશિત કરવા બદલ વર્લ્ડ બુક ઑફ રેકોર્ડ્સ, યુકે દ્વારા સન્માનિત કરવામાં આવ્યા. તેમણે પારદર્શક શાસન, ડિજિટલ જનસંપર્ક, નાગરિકો સાથે સક્રિય જોડાણ અને વેરિફાઈડ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ દ્વારા સતત સંવાદ જાળવીને એક અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ સન્માનપત્ર વર્લ્ડ બુક ઑફ રેકોર્ડ્સના ચાર્ટર્ડ અધિકારીઓ સુચિતા શુક્લા , યોગેશ ગોસ્વામી અને અપૂર્વા મેનન દ્વારા 16 જુલાઈ, 2026ના રોજ સંસદ કચ્છ કાર્નિવલ (આષાઢી બીજ) દરમિયાન, ભુજ, ગુજરાત ખાતે શ્રી વિનોદ લખમશી ચાવડાને અર્પણ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે વર્લ્ડ બુક ઑફ રેકોર્ડ્સની કેન્દ્રીય કાર્યકારી સમિતિના સભ્યો તથા આંતરરાષ્ટ્રીય સમુદાયના અન્ય પ્રતિષ્ઠિત મહાનુભાવોએ શ્રી વિનોદ લખમશી ચાવડાને શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવ્યા.

## જવાહર નવોદય વિદ્યાલય, ડુમરામાં વિવિધ કરાર આધારિત જગ્યાઓ માટે ઓનલાઈન ઈન્ટરવ્યૂ યોજાશે

ભુજ,તા.૧૮

પીએમ શ્રી જવાહર નવોદય વિદ્યાલય, ડુમરા (જિલ્લો-કચ્છ) દ્વારા શૈક્ષણિક વર્ષ 2026-27 માટે વિવિધ જગ્યાઓ ભરવા માટે 18 જુલાઈ, 2026ના રોજ સવારે 11:00 વાગ્યાથી ઓનલાઈન ઇન્ટરવ્યૂ યોજાશે. અત્રે ખાસ નોંધ લેવી કે આ તમામ જગ્યાઓ સંપૂર્ણપણે કરાર આધારિત (કોન્ટ્રાક્ટ બેઝ) છે.વિદ્યાલય દ્વારા PGT (ભૂગોળ, અંગ્રેજી), TGT (હિન્દી, વિજ્ઞાન, અંગ્રેજી), આર્ટ ટીચર, મ્યુઝિક ટીચર, ડાન્સ એક્સપર્ટ, પુરુષ કાઉન્સેલર, AR/VR ઇન્સ્ટ્રક્ટર તથા મેટ્રોન જેવી જગ્યાઓ માટે લાયક ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી છે.રસ ધરાવતા ઉમેદવારોએ જરૂરી શૈક્ષણિક લાયકાત મુજબ Google Form દ્વારા ઓનલાઈન અરજી કરવી રહેશે. અરજી કરવાની છેલ્લી તારીખ 18 જુલાઈ, 2026ના રોજ સવારે 8:45 વાગ્યા સુધી રાખવામાં આવી છે.



## માંડવીની જનકલ્યાણ મેડિકલ સોસાયટી દ્વારા કમરના મણકાના ઓપરેશન કરાયાં

જયેશ શાહ દ્વારા, માંડવી,તા.૧૮

માંડવીની જનકલ્યાણ મેડિકલ સોસાયટી સંચાલિત નવનીત કેન્સર રિસર્ચ હોસ્પિસ અને ડાયાલીસીસ સેન્ટરમાં તા ૧૭-૦૭-૨૦૨૬ના શુક્રવારે સવારના ૦૯:૦૦ કલાકે કમરના મણકાના ઓપરેશનનો શુભારંભ મુંબઈના પ્રખ્યાત સ્પાઇન સર્જન ડૉ. અભય નેનેએ કર્યો હતો. પરમ પૂજ્ય તારકગુણાશ્રીજી મ.સા., પ.પૂ. વિરતિગુણાશ્રીજી મ.સા. અને પ.પૂ. દીપ્તચંદ્રાશ્રીજી મ.સા.એ માંગલિક શ્રવણ કરાવી ડોક્ટરોની ટીમે ઓપરેશનનો શુભારંભ કર્યો હતો. એમ સંસ્થાના ચેરમેન કિરણભાઈ સંઘવી અને ટ્રસ્ટી તથા મીડિયા કન્વીનર દિનેશભાઇ શાહ એ જણાવ્યુ હતું. સમગ્ર આયોજનને સફળ બનાવવા ટ્રસ્ટી મંડળ અને હોસ્પિટલનો સ્ટાફ જહેમત ઉઠાવી રહ્યા છે.

## રવિવારે કેવડિયા (જિ. નર્મદા) ખાતે યોજાનારી રાજ્યસંઘની કારોબારી બેઠકમાં કચ્છના શિક્ષકો જોડાશે

### બેઠકમાં પ્રાથમિક શિક્ષકોના રાજ્ય કક્ષાના વિવિધ પડતર પ્રશ્નો બાબતે ચર્ચા કરાશે

ભુજ,તા.૧૮

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘની કારોબારી સભા તા. ૧૯/૦૭/૨૦૨૬ રવિવારના સવારે ૧૦ કલાકે સહકાર ભવન, કેવડિયા (એકતાનગર,) તા.નાંદોદ, જિ.નર્મદા ખાતે યોજાશે. રાજ્યસંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજાની અધ્યક્ષતામાં યોજાનાર આ કારોબારી બેઠકમાં રાજ્યના તમામ જિલ્લાઓના પ્રમુખ, મહામંત્રી, રાજ્યસંઘના હોદ્દેદારો ઉપરાંત રાજ્ય પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે. કચ્છ જિલ્લામાંથી પ્રમુખ નયનસિંહ જાડેજા, મહામંત્રી કેરણાભાઈ આહિર,રાજ્યસંઘના કાર્યાધ્યક્ષ હરિસિંહ જાડેજા, ઉપપ્રમુખ વિલાસબા જાડેજા તેમજ રાજ્ય કારોબારીના સભ્યો એવા રાજ્ય પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે.

રાજ્યસંઘના મહામંત્રી જૈમિન પટેલના જણાવ્યા અનુસાર બેઠકમાં પ્રાથમિક શિક્ષકોના રાજ્ય કક્ષાના વિવિધ પડતર પ્રશ્નો બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવશે. આ સાથે ટેટ પરીક્ષા નાબૂદ કરવા માટે આગામી આંદોલન કાર્યક્રમ વિશે રણનીતિ ઘડવામાં આવશે. આ ઉપરાંત રાજ્યની શાળાઓમાં શૈક્ષણિક ગુણવત્તા વૃધ્ધિ માટે સંગઠન તરીકેના પ્રયાસો બાબતે ચર્ચા કરવામાં આવશે.કારોબારી સભાના આયોજન માટે નર્મદા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ સુરેશ ભગત અને મહામંત્રી સુરેશ વસાવાના માર્ગદર્શન હેઠળ જિલ્લા અને તાલુકા સંઘના સૌ હોદ્દેદારો જહેમત ઉઠાવી રહ્યા છે.

## ભુજમાં હાટકેશ સેવા મંડળ દ્વારા ગુરૂ પૂર્ણિમા અને માજીબા વિશે નિબંધ સ્પર્ધાનું આયોજન

ભુજ,તા.૧૮

ભુજના હાટકેશ સેવા મંડળ અને અંબિકા મહિલા મંડળ દ્વારા ગુરુપૂર્ણિમા નિમિત્તે 'ગુરુ પૂર્ણિમા' વિશે આશરે 200 શબ્દોમાં ગુજરાતી,હિન્દી અથવા સંસ્કૃત કોઈ પણ એક ભાષામાં નિબંધ સ્પર્ધા યોજવામાં આવી છે.આ નિબંધ સ્પર્ધામાં ધોરણ સાત આઠ અને નવ ના વિદ્યાર્થી ભાગ લઈ શકશે.ભાગ લેનારે સંસ્કૃત પાઠશાળા ભુજ ખાતે સાંજે 6:30 થી 7:30 કલાક દરમિયાન જયશ્રીબેન હાથી અથવા દર્શનાબેન મુનશી નો સંપર્ક કરવો. આ નિબંધ સ્પર્ધા સંસ્કૃત પાઠશાળા ભુજ ખાતે તારીખ 27 અને 28 જુલાઈના સાંજે 6:30 કલાકે યોજાશે. તેમજ પૂજ્ય માજીબા વિશે પણ એક નિબંધ સ્પર્ધા યોજાશે. જેમાં પૂજ્ય માજીબા યોગીની આનંદ લહેરીજી વિશે આશરે 150 શબ્દોમાં નિબંધ લખવાનો રહેશે. કોઈપણ વ્યક્તિ ભાગ લઈ શકશે.



## કચ્છી નવા વર્ષે નવ રચિત ABRSM- કચ્છની જિલ્લા શિક્ષણ અધિકારીની શુભેચ્છા મુલાકાત

### શાલ, પુસ્તક અને પેન અર્પણ કરી સન્માન કરાયું; જિલ્લા શિક્ષણ અધિકારીએ નવ નિયુક્ત હોદ્દેદારોને અભિનંદન સહ હાર્દિક શુભેચ્છાઓ પાઠવી

ભુજ,તા.૧૮

કચ્છી નવા વર્ષના દિવસે નવ રચિત અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ–કચ્છના અનુદાનિત આચાર્ય, ઉચ્ચતર માધ્યમિક અને માધ્યમિક સંવર્ગના હોદ્દેદારોએ જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીની શુભેચ્છા મુલાકાત લીધી હતી.પ્રાંત કોર ટીમના ઉપાધ્યક્ષ મુરજીભાઈ ગઢવી માર્ગદર્શન તેમજ ગ્રાન્ટેડ માધ્યમિક પ્રાંત સહસંગઠન મંત્રી અલ્પેશભાઈ જાનીના સંકલનથી ત્રણેય અનુદાનિત સંવર્ગના પ્રમુખ કાર્યકર્તાઓએ જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીનું શાલ, પુસ્તક અને પેન અર્પણ કરી સન્માન કર્યું હતું.આ પ્રસંગે આચાર્ય સંવર્ગના અધ્યક્ષ વસંતભાઈ ગઢવી, મહામંત્રી ભાણજી વીગોરા, ઉપાધ્યક્ષ હાસમભાઈ મંધરા, ઉચ્ચતર માધ્યમિક સંવર્ગના અધ્યક્ષ ડૉ પૂજાબેન જોષી, મહામંત્રી પ્રેમપ્રકાશ ગુપ્તા, મહિલા ઉપાધ્યક્ષ ડૉ. દીનાબેન જોબનપુત્રા, કોષાધ્યક્ષ ડૉ. નરેશભાઈ કારિયા તેમજ માધ્યમિક સંવર્ગના અધ્યક્ષ અલ્પેશભાઈ જાની, મહામંત્રી ચેતનભાઈ લાખાણી, વરિષ્ઠ ઉપાધ્યક્ષ રૂપેશભાઈ સોલંકી, ઉપાધ્યક્ષ ધર્મેન્દ્રભાઈ પરમાર, મંત્રી કાંતિલાલ ચૌહાણ, કોષાધ્યક્ષ કીર્તિભાઈ પરમાર, પ્રચાર પ્રમુખ કિશનભાઈ પટેલ અને સરકારી ઉચ્ચતર માધ્યમિક સંવર્ગના અધ્યક્ષ અમોલભાઈ ધોળકિયા ઉપસ્થિત રહ્યા હતા.જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીએ નવ નિયુક્ત હોદ્દેદારોને અભિનંદન પાઠવતાં તેમના કાર્યકાળ માટે હાર્દિક શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી. એવું પ્રચાર પ્રમુખ કિશનભાઈ પટેલની યાદીમાં જણાવાયેલ હતું.

જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિની કચેરી ભુજના ઉપક્રમે

## શહેરની સ્વર ડાન્સ એકેડમી દ્વારા સાંસદ કચ્છ કાર્નિવલનો સ્વાગત સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરાયો

### કાર્નિવલની સ્પર્ધામાં ભાગ લીધા વિના કરાઇ રજુઆત : સંસ્થાનું સ્તુત્ય પગલું

ભુજ,તા.૧૮

રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર વિભાગના કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર પ્રેરિત અને જિલ્લા જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિની કચેરી ભુજના ઉપક્રમે અહીંની સ્વર ડાન્સ એકેડમીના સહયોગથી તાજેતરમાં યોજાઇ ગયેલા સાંસદ કચ્છ કાર્નિવલનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

સંસ્થાના ૨૫ કલાકારોએ માંડવડી, દીવા માંડવડી, તલવાર અને સાથે અન્ય આનુસાંગિક સાધનો વડે કચ્છની કુળદેવી આઇ આશાપુરાના ગરબાથી કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો.




આ ગરબાની કોરીયોગ્રાફિ સંસ્થાના સ્થાપક દર્શિતાબેન પંકજભાઇ કનાડા ચેતન ગુસાઇ સાથે કલાકારો પ્રાચિ હંસોરા, આરતી આહીર, આરતી ઠાકુર, સોનાલી ઠાકુર, દ્રષ્ટા માણેક, પુજા ગોર, શોભના કોલી, હર્ષ ગુસાઇ, પિયુષ વિંઝોડા, વિર ગોર સાથે અન્ય કલાકારો પોતાની કલાના કામણ પાથર્યા હતા. માર્ગદર્શન અને દોરવણી યુવા અધિકારી દેવાંશીબેન ગઢવી અને કચેરીના નરસિંહભાઇ ગાગલ, યોગેશ આચાર્ય, દેવેનભાઇએ વ્યવસ્થા સંભાળી હતી.

## આઈટીઆઈ રતનાલ ખાતે વ્યવસાયીક કોર્ષ માટેની પ્રવેશ પ્રક્રિયા શરૂ

ભુજ,તા.૧૮

આઈ.ટી.આઈ. રતનાલ ખાતે વ્યવસાયિક કોર્ષ માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે.પ્રવેશ - ૨૦૨૬ અંતર્ગત રતનાલ આઈ.ટી.આઈ. ખાતે ફિટર, વાયરમેન, વેલ્ડર,COPA કોપા, હેલ્થ સેનેટરી ઇન્સ્પેક્ટર, ઈલેક્ટ્રીશીયન અને સુઇંગ ટેકનોલોજી જેવાવ્યવસાયીક કોર્ષમાં પ્રવેશ મેળવવા માટે ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાની બીજારાઉન્ડની પ્રકીયા તા. ૧૯/૦૭/૨૦૨૬ થી તા. ૨૨/૦૭/૨૦૨૬ સુધી શરૂ રહેશે.રસ ધરાવતા ઉમેદવારો https://itiadmission.gujarat.gov.in/વેબસાઇટ પર જઈનેતા. ૨૨/૦૭/૨૦૨૬ સુધીમાં ઓનલાઈન અરજી ફોર્મ સબમિટ કરી શકશે. અરજીકરતી વખતે ૫૦/- ની રજીસ્ટ્રેશન ફી (નોન-રીફંડેબલ) ઓનલાઈન પધ્ધતિથીભરવાની રહેશે. વધુ માહિતી માટે સમ્પર્ક કરોઃ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા(આઈ.ટી.આઈ રતનાલ)નો સંપર્ક કરવો.

## ભુજ માનસિક હોસ્પિટલ ખાતે ઈન્ડોર પ્લાન્ટેશન અને વૃક્ષારોપણ મહાઅભિયાન યોજાયું

ભુજ,તા.૧૮

એગ્રોસીલ ફાઉન્ડેશન, એગ્રોસીલ કંપની તથા ડૉ. દેવાનંદ (ગાયનેકોલોજિસ્ટ)ના સહયોગથી પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળા વાતાવરણના નિર્માણના ઉદ્દેશ્ય સાથે એગ્રોસીલ ફાઉન્ડેશન, એગ્રોસીલ કંપની તથા ડૉ. દેવાનંદ (ગાયનેકોલોજિસ્ટ)ના સહયોગથી ભુજ માનસિક હોસ્પિટલ ખાતે ઇન્ડોર પ્લાન્ટેશન અને વૃક્ષારોપણ મહાઅભિયાન યોજાયું. કાર્યક્રમમાં ભુજ માનસિક હોસ્પિટલના અધિક્ષક ડૉ. મનોજ પરમાર, એગ્રોસીલ ફાઉન્ડેશન અને એગ્રોસીલ કંપનીના મેનેજર શ્રી સાગરભાઈ પિત્રોડા, સુપરવાઈઝર શ્રી દશરથભાઈ ભાનાણી તેમજ ભુજ માનસિક હોસ્પિટલના સમગ્ર સ્ટાફે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે હોસ્પિટલના પરિસરમાં



વિવિધ વૃક્ષોનું વાવેતર તેમજ હોસ્પિટલના આંતરિક પરિસરમાં ઇન્ડોર પ્લાન્ટેશન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહાનુભાવોએ વૃક્ષો અને છોડનું જતન કરવાની સાથે વધુમાં વધુ વૃક્ષારોપણ કરવા સૌને અપીલ કરી હતી.એગ્રોસીલ ફાઉન્ડેશન, એગ્રોસીલ કંપનીના સહયોગ અને ભુજ માનસિક હોસ્પિટલના સમગ્ર સ્ટાફની સક્રિય ભાગીદારીથી આ અભિયાન સફળતાપૂર્વક સંપન્ન થયું.

## સિને સૃષ્ટિ



## પરેશ રાવલે રાજકારણ કેમ છોડ્યું તે વિશે ખુલાસો કર્યો

પરેશ રાવલે અભિનેતા સુશાંત સિંહ રાજપૂતના નિધન બાદ થયેલા મીડિયા કવરેજ અંગે તાજેતરમાં પોતાની નારાજગી વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યું કે તે સમય દરમિયાન જે રીતે આ કેસને સતત ટીવી ચેનલો પર રજૂ કરવામાં આવ્યો હતો, તે તેમને બિલકુલ પસંદ નહોતું. સાથે જ તેમણે રાજકારણ છોડવા પાછળનું કારણ પણ વિગતવાર સમજાવ્યું.

એક પોડકાસ્ટમાં વાતચીત દરમિયાન પરેશ રાવલે જણાવ્યું કે કોરોના મહામારી દરમિયાન તેમણે સમાચાર ચેનલો જોવાનું લગભગ બંધ કરી દીધું હતું. જ્યારે તેમને તેનું કારણ પૂછવામાં આવ્યું ત્યારે તેમણે હસતાં કહ્યું, "મારા બ્લડ પ્રેશરને કારણે."

ત્યારબાદ સુશાંત સિંહ રાજપૂતના નિધન બાદ મીડિયામાં ચાલેલા સતત કવરેજનો ઉલ્લેખ થતાં પરેશ રાવલે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું, "સુશાંત સિંહવાળું જે સર્કસ હતું, તે મને બિલકુલ પસંદ નહોતું." તેમના આ નિવેદનથી સ્પષ્ટ થાય છે કે તેઓ તે સમયની મીડિયા ટ્રાયલથી અસહમત હતા.

વાતચીત દરમિયાન પરેશ રાવલે પોતાના રાજકીય જીવન અંગે પણ ખુલાસો કર્યો હતો. તેઓ વર્ષ 2014માં ભાજપના ઉમેદવાર તરીકે અમદાવાદ પૂર્વ લોકસભા બેઠક પરથી સાંસદ તરીકે ચૂંટાયા હતા. જોકે, બાદમાં તેમણે સક્રિય રાજકારણથી દૂર રહેવાનો નિર્ણય લીધો.

તેમણે કહ્યું, "મેં રાજકારણ છોડ્યું કારણ કે એ મારું કામ નહોતું." તેમના જણાવ્યા મુજબ, રાજકારણ એક અત્યંત જવાબદારીભર્યો વ્યવસાય છે અને તેમાં સંપુર્ણ સમર્પણ જરૂરી છે. તેઓ મર્યાદિત હેતુ સાથે રાજકારણમાં જોડાયા હતા, પરંતુ બાદમાં સમજાયું કે તેમનું સાચું ક્ષેત્ર અભિનય જ છે.

પરેશ રાવલે જણાવ્યું કે રાજકારણમાં રહીને લોકોને આપેલા દરેક વચન પૂરા કરવાનું શક્ય બનતું નહોતું. સિસ્ટમની મર્યાદાઓને કારણે તેઓ અનેક વખત લોકોની અપેક્ષાઓ પૂર્ણ કરી શકતા નહોતા.

તેમણે કહ્યું, "હું વારંવાર કહીશ કે કામ થઈ જશે, થઈ જશે... બે-ત્રણ વખત પછી હું ખોટું બોલવા લાગું. અંદરથી મને લાગવા લાગ્યું કે હું એક ખોટો માણસ બની રહ્યો છું."

તેમના મતે, જો તેઓ આ રીતે જીવતા રહ્યા હોત તો તેની અસર તેમના અભિનેતા તરીકેના વ્યક્તિત્વ અને કળા પર પણ પડી હોત. તેથી તેમણે રાજકારણ છોડીને ફરી સંપુર્ણ ધ્યાન અભિનય પર કેન્દ્રિત કરવાનો નિર્ણય લીધો હતો.

પરેશ રાવલે અંતે જણાવ્યું કે હવે વર્ષોના અનુભવ બાદ તેમને પોતાના અભિનય પર વધુ વિશ્વાસ અને નિયંત્રણ મળ્યું છે. જો તેમની ફિલ્મોની વાત કરીએ તો તેઓ છેલ્લે 'વેલકમ ટુ ધ જંગલ' ફિલ્મમાં જોવા મળ્યા હતા.



## ધુરંધર પછી આદિત્ય ધર લાચિત બરફુકન પર બાયોપિક પ્લાન કરી રહ્યાના અહેવાલો

આદિત્ય ધરની ઉરી હોય કે ધુરંધરની બંને ફિલ્મ, તેની ફિલ્મને બ્લોકબસ્ટરથી ઓછું કશું ખપતું નથી. આદિત્યની બંને ધુરંધર ફિલ્મોએ કમાણીના અનેક રેકોર્ડ કોડી નાખ્યા પછી દર્શકો અને સમગ્ર ઇન્ડસ્ટ્રીની નજર હવે તેઓ આગળ કયા વિષય પર કામ કરી રહ્યા છે, તે જાણવામાં છે. ત્યારે હવે ગોવાહાટીથી આવતા અહેવાલોએ ઘણાં લોકોનું ધ્યાન ખેંચ્યું છે.

આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ ખુલાસો કર્યો છે કે આસામ સરકાર દિગ્દર્શક આદિત્ય ધર સાથે ઐતિહાસિક યોદ્ધા લાચિત બરફુકનના જીવન પર ભવ્ય બાયોપિક બનાવવાના મુદ્દે ચર્ચા ચાલી રહી છે. મુખ્યમંત્રીએ આ માહિતી ગુરુવાર, 16 જુલાઈએ યોજાયેલા પોતાના ફેસબુક લાઇવ દરમિયાન આપી હતી.

મુખ્યમંત્રીના જણાવ્યા અનુસાર, આ ફિલ્મનો ઉદ્દેશ આસામના મહાન યોદ્ધા લાચિત બરફુકનના જીવન, શૌર્ય અને ઐતિહાસિક યોગદાનને દેશ-વિદેશનાં દર્શકો સુધી બોલિવૂડ સ્તરની ભવ્ય ફિલ્મ દ્વારા પહોંચાડવાનો છે.હિમંતા બિસ્વા શર્માએ જણાવ્યું કે હાલમાં આ પ્રોજેક્ટને લઈને 'ઉરીઃ ધ સર્જિકલ સ્ટ્રાઈક' અને તેના પછીની ફિલ્મ 'ધુરંધર'નાં દિગ્દર્શક આદિત્ય ધર સાથે ચર્ચા ચાલી રહી છે.તેમણે વધુમાં જણાવ્યું કે ઓગસ્ટ મહિનામાં તેમની આદિત્ય ધર સાથે બેઠક યોજાવાની છે, જેમાં ફિલ્મ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવશે. જોકે, હજુ આદિત્ય આ ફિલ્મ બનાવશે જ એવું કશું નિશ્ચિત થયું નથી.

મુખ્યમંત્રીએ સ્પષ્ટ કર્યું કે આ પ્રોજેક્ટ કોઈ એક દિગ્દર્શક પર નિર્ભર નથી. તેમણે કહ્યું, "જો આદિત્ય ધર આ ફિલ્મનું દિગ્દર્શન નહીં કરી શકે, તો અમે અન્ય દિગ્દર્શકોનો સંપર્ક કરીશું. અમારો મુખ્ય હેતુ લાચિત બરફુકન પર ભવ્ય બાયોપિક બનાવવાનો છે."જો આ પ્રોજેક્ટ સાકાર થશે, તો લાચિત બરફુકનના જીવન પર આસામ સરકારના સહયોગથી બનનારી આ પ્રથમ બોલિવૂડ સ્તરની ફીચર ફિલ્મ હશે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે આ ફિલ્મ દ્વારા આસામના ગૌરવશાળી ઇતિહાસ અને અહોમ સામ્રાજ્યના શૂરવીર સેનાપતિની ગાથાને સમગ્ર દેશ અને વિશ્વ સમક્ષ રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવશે. લાચિત બરફુકન આસામના ઇતિહાસના સૌથી મહાન સૈન્ય નેતાઓમાંના એક માનવામાં આવે છે. તેઓએ વર્ષ 1671માં થયેલા ઐતિહાસિક સરાઈઘાટીના યુદ્ધમાં અહોમ સેનાનું નેતૃત્વ કરીને મુગલ સેનાને પરાજય આપ્યો હતો. તેમનું નેતૃત્વ, દેશપ્રેમ, સાહસ અને યુદ્ધની વ્યૂહરચના આજે પણ આસામમાં ગૌરવ અને પ્રેરણાનું પ્રતિક માનવામાં આવે છે. પ્રસ્તાવિત બાયોપિક દ્વારા તેમના જીવનના આ ઐતિહાસિક પ્રકરણને વધુ વ્યાપક સ્તરે રજૂ કરવાની યોજના છે.


હિતેશ રૂપારેલ
મો. ૯૯૭૯૩ ૨૭૦૦૫
ગાંધીધામ-આદિપુર વિસ્તારમાં મકાન, દુકાન, ઓફિસ, પ્લોટ, ગોડાઉન લે-વેચ તથા ભાડે મેળવવા માટે સંપર્ક કરો.
ઓફિસ દુકાન નં. ૨, પ્લોટ નં. ૩૦૬, ૧૨/બી હરિકૃપા કોમ્પ્લેક્ષ, સોની સમાજવાડી સામે, ગાંધીધામ-કચ્છ.
શ્રીજી એસ્ટેટ એજન્સી



કચ્છીઓનું કચ્છ માટે પ્રગટ થતું પોતાનું દૈનિક
# વાવડ
તંત્રી : રામ કરશનદાસ ઠક્કર ♦ કાર્યકારી તંત્રી : દર્શનકુમાર આર. ઠક્કર




તમામ પ્રકારની રિવોલ્વીંગ ચેરના સમારકામ માટે ભરોસાપાત્ર સ્થળ...
એચ.આર. ફર્નિચર માર્ટ
પાંજરાપોળ શેરીની સામે વાણિયાવાડ રોડ, ભુજ-કચ્છ.
સુનિલ પરમાર મો. ૮૪૬૯૬ ૮૦૬૪૯



# ગ્રામ્ય અને શહેરી વિકાસને વેગ આપતા ૨૩૦૨.૦૦ લાખના ૮૨૨ વિકાસ કામોને મંજૂરી

## પ્રભારીમંત્રીકાંતિલાલ અમૃતિયાના અધ્યક્ષસ્થાને જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઈ : પ્રાથમિક સુવિધાઓ, આરોગ્ય, શિક્ષણ અને માળખાગત સવલતોના કામોને અપાઈ મંજૂરી






ભુજ, તા. ૧૮ :
કચ્છ જિલ્લા આયોજન મંડળની બેઠક જિલ્લા આયોજન મંડળના અધ્યક્ષ અને કચ્છ જિલ્લાના પ્રભારીમંત્રીશ્રી તથા ગુજરાત રાજ્યના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના રાજ્યકક્ષાના મંત્રીશ્રી કાંતિલાલ અમૃતિયાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં કચ્છ જિલ્લાના સર્વાંગી વિકાસ અને નાગરિકોની સુખાકારીમાં વધારો કરવા માટે તેમજ પાયાની જરૂરિયાતોને લગતા વિવિધ વિકાસલક્ષી કાર્યો અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

વર્ષ ૨૦૨૬-૨૭ માટે વિકેન્દ્રિત જિલ્લા આયોજન હેઠળ ૧૫% વિવેકાધીન જોગવાઈ (તાલુકા કક્ષા અને નગરપાલિકા ગ્રાન્ટ) અંતર્ગત જિલ્લાની તમામ તાલુકા આયોજન સમિતિઓ દ્વારા કુલ રૂ. ૨૩૦૨.૦૦ લાખની રકમના કુલ ૮૨૨ કામોની દરખાસ્તો પ્રભારીમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં મંડળ સમક્ષ રજૂ કરવામાં આવી હતી. આ દરખાસ્તોમાં કચ્છના ૯ તાલુકાઓ માટે ફાળવેલા રૂ. ૧૯૫૦.૦૦ લાખની જોગવાઈ સામે રૂ. ૧૯૫૨.૦૦ લાખ (સામાન્ય/અનુસૂચિત જાતિ)ના કુલ ૭૮૬ વિકાસ કામોનો સમાવેશ થાય છે. તદુપરાંત, જિલ્લાની ૭ નગરપાલિકાઓ માટે રૂ. ૩૫૦.૦૦ લાખની જોગવાઈ સામે રૂ. ૩૫૦.૦૦ લાખના કુલ ૩૬ કામોની દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી. સરકારશ્રીની માર્ગદર્શિકા અને નિયમને આધીન આજની આ જિલ્લા આયોજન મંડળ કચ્છની બેઠકમાં રજૂ થયેલા તમામ રૂ. ૨૩૦૨.૦૦ લાખના કુલ ૮૨૨ વિકાસ કામોને મંજૂર કરવામાં આવ્યા છે. જેના થકી આગામી દિવસોમાં કચ્છ જિલ્લાનો વિકાસ વધુ વેગવંતો બનશે.

પ્રભારીમંત્રીશ્રી કાંતિલાલ અમૃતિયાએ વિવિધ નગરપાલિકા અને તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ તેમજ સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓને માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે, નાગરિકોને વિકાસકાર્યોનો લાભ ઝડપથી મળે એ જ વહીવટીતંત્રની પ્રાથમિકતા હોવી જોઈએ. પ્રભારીમંત્રીશ્રીએ ગુણવત્તાયુક્ત કામો નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવા જણાવ્યું હતું. રોડ રસ્તાઓ, શાળાના ઓરડાઓ અને ગામડાઓમાં બહુહેતુક શેડ સહિતના મંજૂર કરાયેલા કામો અંગે વિસ્તૃત જાણકારી મેળવીને પ્રભારી મંત્રીશ્રીએ જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

ગુજરાત રાજ્યના સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગર દ્વારા ફાળવવામાં આવતી વિકેન્દ્રિત જિલ્લા આયોજન હેઠળની ગ્રાન્ટમાંથી ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોમાં લોકોની ન્યૂનતમ જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે વિવિધ કામો હાથ ધરવામાં આવે છે. આ અનુદાન હેઠળ મુખ્યત્વે ગ્રામ્ય વિસ્તારના એપ્રોચ રોડ, નગરપાલિકા હસ્તકના રસ્તાઓ, પ્રાથમિક શાળાઓમાં નવા ઓરડાઓ તેમજ કમ્પાઉન્ડ વોલનું નિર્માણ, મધ્યાહન ભોજન યોજના અંતર્ગત શેડ બનાવવા, શૌચાલય બ્લોક, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને લગતા કામો, પીવાના પાણીની સુવિધા માટે બોર અને પાઇપલાઇનના કામો, ગ્રામ્ય વીજળીકરણના કામો, આંગણવાડીના કામો તેમજ ગટર વ્યવસ્થાના સુદ્રઢીકરણ સહિતના અન્ય સ્થાનિક વિકાસના અગત્યના કામોને મંજૂરી આપવામાં આવે છે. જેથી છેવાડાના માનવી સુધી વિકાસની સવલતો ઉપલબ્ધ કરાવી શકાય.

આયોજન મંડળની બેઠકનું આયોજન જિલ્લા આયોજન અધિકારીશ્રી જે.સી.રાવલ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. જેને અધ્યક્ષસ્થાને મંજૂરી આપવામાં આવી હતી.

આ બેઠકમાં કચ્છ મોરબી સાંસદશ્રી વિનોદભાઈ ચાવડા, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી પ્રભાબેન હુણ, ધારાસભ્ય સર્વેશ્રી કેશુભાઈ પટેલ, શ્રી પ્રદ્યુમ્નસિંહ જાડેજા, શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા, શ્રીમતિ માલતીબેન મહેશ્વરી, ગાંધીધામ મહાનગરપાલિકાના મેયરશ્રી દિવ્યાબેન નાથાણી, જિલ્લા પંચાયત સામાજિક ન્યાય સમિતિના ચેરમેનશ્રી મંજુલાબેન ચાવડા, કચ્છ કલેક્ટરશ્રી અનિલ રાણાવસિયા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ઉત્સવ ગૌતમ, ગાંધીધામ મ્યુનિ. કમિશનરશ્રી બી.ડી.ડવેરા, નિવાસી અધિક કલેક્ટરશ્રી પાર્થ કોટડિયા સહિત તાલુકા પંચાયત અને નગરપાલિકાના પ્રમુખશ્રીઓ, જિલ્લા વહીવટીતંત્રના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા


તસવીરઃ ભરત ઠાકોર

# અંજાર શહેરના વિજયનગર વિસ્તારમાં આવેલા બગીચાની હાલત અત્યંત કફોડી

અંજાર, તા. ૧૮ :
અગાઉ અંજાર નગરપાલિકા દ્વારા અહીં પાણીની ટાંકીનું નિર્માણ કરવામાં આવ્યું હતું તે દરમિયાન કોન્ટ્રાક્ટર દ્વારા બાંધકામનો માલસામાન રાખવા તેમજ લાડિંગ-અનલાડિંગ માટે ગાર્ડનનાં મેદાનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. બાંધકામ પૂર્ણ થયા બાદ બગીચાને અગાઉની સ્થિતિમાં પુનઃસ્થાપિત કરવામાં આવ્યો નથી. હાલમાં બગીચાના મુખ્ય પ્રવેશદ્વાર, બાળકોના રમતગમતનાં સાધનો તેમજ આરામ માટે બેસવાની ખુરશીઓ તૂટેલી હાલતમાં જોવા મળી રહી છે. ઉપરાંત બગીચામાં કચરાના ઢગલા, રખડતા નંદીઓ અને શ્વાનોના કારણે સ્થાનિક રહેવાસીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. વિજયનગરના રહેવાસીઓની માંગ છે કે, કોન્ટ્રાક્ટર દ્વારા ગાર્ડનને અગાઉ જેવું જ સુવિધાસભર અને વ્યવસ્થિત બનાવી આપવામાં આવે.

જો કોન્ટ્રાક્ટર દ્વારા આ કામગીરી કરવામાં ન આવે, તો અંજાર નગરપાલિકા દ્વારા તેમની સિક્યુરિટી ડિપોઝિટ જપ્ત કરવામાં આવે તેમજ સંબંધિત કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટ કરવાની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઊઠી છે

# વરસાણા નજીક કારમાંથી 4.17 લાખનો દારૂ જપ્ત : આરોપી નાસી છુટયા

(ક્રાઇમ રિપોર્ટર), ભુજ, તા. ૧૮ :
અંજારના વરસાણા નજીજક બ્રિજ પાસેથી એલ.સી.બી.એ એક કારમાંથી રૂા. 4,17,900નો શરાબ જપ્ત કર્યો હતો. પરંતુ બે આરોપી પોલીસના હાથમાંથી સાબુના ગોટાની જેમ સરકી ગયા હતા. બીજી બાજુ મેઘપર બોરીચીમાં કંપની પાસેથી ઝાડીમાંથી રૂા. 14,063નો દારૂ જપ્ત કરાયો હતો. પરતુ ત્યાં પણ આરોપી ગેરહાજર મળ્યો હતો.

ભચાઉ બાજુથી આવતી કારમાં દારૂ હોવાની પૂર્વ બાતમીના આધારે એલ.સી. બી.એ વરસાણા ઓવરબ્રિજ પાસે વોચ ગોઠવી હતી. આરોપીઓને પકડી પાડવા પોલીસે એડીચોટીનો જોર લગાવ્યો હતો અને આડસ ઊભી કરી ટોર્ચના અજવાળે કાર નંબર જી.જે. 08 એફ.એ. 3488 રોકાવવાની કોશિષ કરી હતી પરંતુ આરોપીઓ એટલા તેજ હતા કે ત્યાં ગાડી ઊભી રાખી ચાવી કાઢ્યા વગર બે શખ્સો પોતાનો મોબાઇલ ભુલીને અંધારામાં ઓઝલ થઇ ગયા હતા. ધમધમાટના આ માર્ગ પરથી પોલીસના હાથમાંથી આરોપી સાબુના ગોટાની જેમ સરકી જતાં અનેક તર્ક વિતર્ક વહેતા થયા હતા. દરમ્યાન આ કારમાંથી પોલીસે ગ્રીન લેબલ એક્સપોર્ટ 750 મી.લી.ની 252 બોટલ, 8પીએમના 1536 કવાર્ટરીયા, ગ્રીન લેબલના 432 કવાર્ટરીયા એમ કુલ્લ રૂા. 4,17,900નો શરાબ જપ્ત કર્યો હતો. તેમજ એક મોબાઇલ, કાર પણ હસ્તગત કરાઇ હતી. વારંવાર દારૂ પકડાય છે પણ આરોપીઓ અંધારાનો લાભ લઇ ઓઝલ થઇ જતા ભારે ચકચાર પ્રસરી છે.

વધુ એક કાર્યવાહી મેઘપર બોરેચી સીમમાં અંજાર ગળપાદર માર્ગમાં આવતા અને માલારા મહાદેવ મંદિર તરફ જતા માર્ગ નજીક ગોકુલ કંપની પાસે બાવળની ઝાડીમાં કરવામાં આવી હતી આ ગાડીમાં ઉદયસિંહ બાલુભા જાદવ નામનો શખ્સ દારૂ વેંચતો હોવાની પૂર્વ બાતમીના આધારે પોલીસ પહોંચી હતી પણ આ શખ્સ ગેરહાજર મળ્યો હતો. અહીંથી 375 મી.લી.ની 41 બોટલ રૂા. 14,063નો દારૂ જપ્ત કરાયો હતો.

# કચ્છની 32 ટ્રેનો આંશિક રદ : કચ્છ, સયાજી સહિત રાત્રી ટ્રેનો રાબેતા મુજબ દોડશે

## ભચાઉઆ સહીત ત્રણ સ્ટેશનમાં જોડાણ માટેની કામગીરીના કારણે કચ્છથી મુંબઇ, ગાંધીધામ ગાંધીધામ પાલનપુર ઇન્ટરિસિટી ટ્રેન હાલ હાલ પુરતી રદ રહેશે

ભુજ, તા. ૧૮ :
કચ્છમાં રેલવે દ્વારા સામખીયાળી ગાંધીધામ ચાર લાઈનનું કામ પુર ઝડપે ચાલી રહ્યું છે ત્યારે કામગીરી પુર્ણતાના આરે છે ત્યારે ભચાઉઆ સહીત ત્રણ સ્ટેશનમાં જોડાણ માટેની કામગીરીના કારણે રેલવે દ્વારા મેઘા બ્લોક લેવાતા કચ્છથી મુંબઈ સહીત દેશના અનેક રાજ્યો સાથે જોડતી મહતમ ટ્રેનોને સંપુર્ણ રદ અથવાતો આંશીક રદ કરાઈ છે. ચાર ઓગષ્ટ સુધી અંશિક રદ કરાયેલી દિવસે દોડતી તમામ ટ્રેનોને અમદાવાદ સુધી ટુંકાવવામાં આવી છે જો કે રાત્રીના ઉપડતી તમામ ટ્રેનો આ સમય ગાળા દરમ્યાન રાબેતા મુજબ દોડશે. - ઓટોમેટીક સીગ્નલીંગ, ચાર લાઈનનું કામ : રેલવેના સત્તાવાર સાધનો પાસેથી મળતી વિગતો મુજબ સામખીયાળીથી ગાંધીધામ સુધીના ચાર લાઈનનુ કામ પુરૂ થવાનું છે. આ ઉપરાંત અમદાવાદ મુંબઈ સેકશનની માફક ભચાઉથી સામખીયાળી સુધી ઓટોમેટીક સીગ્નલીંગનું કામ પણ હાથ ધરાશે. તેમજ ઓગષ્ટમાં ચાર લાઈનના કામના જોડાણ બાદ રેલવેના સુરક્ષા કમીશરન દ્વારા ત્રણ દિવસ નિરિક્ષણ કરાશે. આ કામદના કારણે આગામી તા. 15મીથી 23 દિવસ સુધી ભચાઉ, વોંધ અને સામખીયાળી ખાતે મેઘા બ્લોક લેવામાં આવ્યો છે જેના કારણે ગાંધીધામ અને ભુજથી ઉપડતી ટ્રેનોને રદ અને આંશિક રદ કરવામાં આવી છે. - કચ્છથી મુબંઈ, ગાંધીધામ પાલનપુર ઈન્ટરસીટી રદ : રદ ટ્રેનોની વિગતો મુજબ ગાંધીધામ બાન્દ્રા (09416) તા. 23 અને તા. .30ના, બાન્દ્રા ભુજ (09037) તા. 18, તા. 23, તા. 26, તા. 30 સહીત ચાર દિવસ, બાન્દ્રા ભુજ( 12965) તા. 28 અને તા. 4 ઓગષ્ટ ના બે ટ્રીપ, દૈનિક ગાંધીધામ પાલનપુર (19406) તા. 19 જુલાઈથી તા. 4 ઓગષ્ટ સુધી 16 દિવસ, બાન્દ્રા ગાંધીધામ (22951) તા. 24 અને તા. 31ના , બાન્દ્રા ભુજ (09009) તા. 19 અને તા. 26 જુલાઈના, બાન્દ્રા ગાંધીધામ (09415) તા. 23 અને તા. 30 જુલાઈના , બાન્દ્રા ભુજ (12959) તા. 25 અને તા. 1 ઓગષ્ટના, બાન્દ્રા




ભુજ (09011) તા. 21 અને. તા. 28 જુલાઈના, ભુજ બાન્દ્રા ( 09010) તા. 20 અને તા. 27 જુલાઈના, ભુજ બાન્દ્રા ( 09038) તા. 19, તા. 24, તા. 26, અને તા. 31ના , ભુજ બાન્દ્રા (09012) તા 22 અને તા. 29ના, ભુજ બાન્દ્રા (12960) તા. 27 અને તા. 3 ઓગષ્ટના, ભુજ બાન્દ્રા (12966) તા. 24 અને તા. 31 જુલાઈના, પાલનપુર ભુજ (19405) તા. 19 થી તા. 4 ઓગષ્ટ સુધી રદ અને ગાંધીધામ બાન્દ્રા (22952) તા. 23 અને તા. 30ના સંપુર્ણ રદ કરવામાં આવી છે. - નમો ભારત 12 દિવસ ધ્રાંગધ્રા સુધી દોડશે : આ ઉપરાંત કચ્છથી આવતી જતી લાંબા અંતરની દૈનિક સાપ્તાહીક અને બે દિવસ ચાલતી ટ્રેનોને ટુંકાવવામાં આવી છે. જેમાં આ તમામ ટ્રેનો ઓગષ્ટ સુધી કચ્છ નહી પહોંચે ભુજ અમદાવાદ વચ્ચે દોડતી લોકોની પસંદગીની નમો ભારત રેપીડ રેલ ભુજ થી (94802) તા. 24 જુલાઈથી 4 ઓગષ્ટ સુધી અને અમદાવાદથી તા. 23 જુલાઈથી 3 ઓગષ્ટ સુધી ધ્રાંગધ્રા ભુજ વચ્ચે રદ કરાઈ છે. - બરેલી ચાંદલોડીયા અને ભીલડી સુધી દોડાવાશે : બરેલી ભુજ (14321) તા. 27, તા. 29, તા. 31, તા. 2 અને તા. 3 ઓગષ્ટના ભીલડી ભુજ વચ્ચે રદ રહેશે. જ્યારે બરેલી ભુજ (14311) તા. 28, તા. 30, તા. 27, તા. 1 ઓગષ્ટના ચાંદલાડીયા ભુજ વચ્ચે રદ રહેશે. એજ રીતે ભુજ બરેલી (14312) તા. 28, તા. 29, તા. 31, તા. 4ના ભુજ ચાંદલોડીયા વચ્ચે જ્યારે ભુજ બરેલી ( 14322)) તા. 30, તા. 1, તા. 2, તા. 3 ઓગષ્ટના ભુજ ભીલડી વચ્ચે આંશિક રદ રહેશે. આ ટ્રેનો ભીલડી અને ચાંદલોડીયાથી બરેલી તરફ જવા રવાના થશે. - એસી એકસપ્રેસને અમદાવાદ ટુંકાવાઈ : ભુજ બાન્દ્રા વચ્ચે સપ્તાહમાં ત્રણ વખત દોડતી એસી એકસપ્રેસને પણ અમદાવાદ ખાતે ટુંકાવાઈ છે. ભુજ બાન્દ્રા એસી એકસપ્રેસ ( 22904) તા. 1 ઓગષ્ટ અને 3 ઓગષ્ટના ભુજ અમદાવાદ વચ્ચે રદ રહેશે. અમદાવાદથી મુંબઈ તરફ રવાના થશે. એજ રીતે બાન્દ્રા ભુજ ( 22903) તા. 31 અને તા. 2 ઓગષ્ટના બાન્દ્રાથી અમદાવાદ સુધી દોડશે જ્યારે અમદાવાદ ભુજ વચ્ચે બે ટ્રીપ રદ રહેશે.

સાપ્તાહીક ટ્રેનો અમદાવાદ ખાતે ટુંકાવાઈ : આ ઉપરાતં ગાંધીધામ બેંગ્લોર ( 20685 ) તા. 4 ઓગષ્ટના અને બેંગ્લોર ગાંધીધામ (20686) તા. 1 ઓગષ્ટના બે ટ્રીપ અમદાવાદ ખાતે ટુંકાવાઈ છે. તા. 31ના ગાંધીધામ નાગરકોઈલ (16335) અને તા. 28ના નાગરકોઈલ ગાંધીધામ (16336) ને પણ અમદાવાવદ ખાતે ટુંકાવાઈ છે. તા. 3 ઓગષ્ટના પુને ભુજ (11092) અને તા. 5ના ભુજ પુને (11091) ટ્રેનને પણ અમદાવાદ સુધી દોડશે. તેમજ તા. 2ના રવાના થનારી ઈન્દોર ગાંધીધામ ( 20936) અને તા. 3ના રવાના થનારી ગાંધીધામ ઈન્દોર (20935)ને પણ અમદાવાદ ખાતે ટુંકાવાઈ છે. રેલવે દ્વારા રદ કરાયેલી ટ્રેનોના પ્રવાસીઓને પુરૂ રીફંડ આપવામાં આવશે તેમજ આ ફેરફાર અંગે એસ.એમફ.એસ દ્વારા જાણ કરાશે.






# પ્રભારીમંત્રીએ કચ્છના ખેડૂતો સાથે યોજ્યો પરિસંવાદ

## રાજ્ય સરકાર ખેડૂતોના હિત માટે હંમેશા કટિબદ્ધ છે – કાંતિલાલ અમૃતિયા

ભુજ, તા. ૧૮ :
ભુજના સ્મૃતિવન ખાતે પ્રભારીમંત્રીશ્રી કાંતિલાલ અમૃતિયાએ કચ્છ જિલ્લાના ખેડૂતો સાથે પરિસંવાદ યોજીને તેમના પ્રશ્નોને ઉકેલવાની ખાતરી સાથે વરસાદના પાણીનો મહત્તમ સંગ્રહ કરવા અનુરોધ કર્યો હતો

આજના પરિસંવાદમાં પ્રભારીમંત્રીશ્રી તથા શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર રાજ્યમંત્રીશ્રી કાંતિલાલ અમૃતિયાએ ખેડૂતો સાથે સીધો સંવાદ કરીને જમીન માપણી, સર્વે, શ્રીસરકાર જમીનની નિયમિતતા, નર્મદા કેનાલના અધૂરાકામ, નકશામાં સર્વે નંબર બેસાડવાની કામગીરી, વીજટાવર અને પવનચક્કી કામમાં વળતરની અસમાનતા સહિતના ખેડૂતો દ્વારા રજૂ કરાયેલા પ્રશ્નો સાંભળીને તેને કિસાનોના હિતમાં તત્કાલ ઉકેલવા તથા વરસાદ ખેંચાતા સર્જાયેલી ઘાસ-ચારાની તંગીને નિવારવાની ખાતરી આપી હતી.

આ પ્રસંગે તેમણે ધરતીપુત્રો સીધો સંવાદ કરતા જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર હંમેશા ખેડૂતોના હિતમાં કામગીરી કરવા કટિબદ્ધ છે, આર્થિક રીતે ખેડૂતોને મહત્તમ ફાયદો થાય તે માટે વિવિધ યોજનાના અમલીકરણ સાથે રાજ્ય સરકારે વીજટાવરના વળતર મુદે ચિંતા સેવીને નવા ખેડૂત હિતલક્ષી નિર્ણયો લીધા છે. રાજ્ય સરકારની નીતિથી ખેડૂતોને વધુમાં વધુ ફાયદો થાય તે માટે કોઇ બાંધછોડ નહીં કરાય તેવી ખાતરી પ્રભારીમંત્રીશ્રીએ આપી હતી. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, વડાપ્રધાનશ્રીના દિલમાં કચ્છ વસે છે, તેમણે કચ્છનું નવનિર્માણ કરીને આ જિલ્લા માટે વિકાસના નવા દ્વાર ખોલ્યા છે. નર્મદાના નીરના અવતરણથી લઇને ઉદ્યોગો થકી કચ્છની કાયાપલટ થઇ છે, બાગાયતી ક્ષેત્રે કચ્છ નામના ઉભી કરી છે. ત્યારે રાજ્ય સરકારના પ્રયત્નોમાં સામાન્ય નાગરિક સાથે ખેડૂત પણ સહયોગી બને તે જરૂરી છે. તેમણે આ પ્રસંગે વરસાદી પાણીના દરેક ટીપાંને બચાવવા હાકલ કરતા, રહેણાંકથી લઇને ખેતી સુધી પાણીનો સંગ્રહ કરવા તથા ભૂગર્ભ જળની સપાટી વધારવાની દિશામાં કામગીરી કરવા અનુરોધ કર્યો હતો.

પરિસંવાદમાં કચ્છ કલેક્ટરશ્રી અનિલ રાણાવસિયાએ ખેડૂતોને સોલારપાર્કની વીજળી દેશના ખૂણે ખૂણે પહોંચાડવા હેતુ ઉભા કરતા વીજટાવર તથા કોરીડોરના વળતર મુદ્દે રાજ્ય સરકારના નવા પરિપત્ર અંગે સમજ સહિત માહિતી આપતા જણાવ્યું હતું કે, ખેડૂતોના ખેતરમાં ઉભા કરાતા વીજટાવર તથા કોરીડોર મુદે ખેડૂતોને ન્યાયિક વળતર મળે તે મુખ્યમંત્રીશ્રી ચિંતા સેવીને કમિટી રચવા નિર્ણય કર્યો છે. આ કમિટિમાં જેમાં અસરગ્રસ્ત ખેડૂતોના પ્રતિનિધિ પણ સામેલ હશે. આ કમિટીના ગઠન તથા તેની કામગીરી, વળતર સહિતના આનુસંગિક મુદાઓ અંગે કલેક્ટરશ્રીએ છણાવટ કરીને ખેડૂતોને એડવાન્સમાં નિયમ મુજબ મહત્તમ વળતર ચૂકવીને કામગીરી કરાશે તે અંગે કિસાનોને માહિતગાર કર્યા હતા. આ સાથે પાક વળતર, ઝાડ વળતર પણ અમલી નિયમ મુજબ આપવામાં આવશે તેવું કલેક્ટરશ્રીએ ઉમેર્યું હતું. આજની બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પ્રભાબેન હુણ, સર્વે ધારાસભ્યોશ્રી કેશુભાઇ પટેલ, શ્રી પ્રદ્યુમ્નસિંહ જાડેજા, શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા, શ્રી માલતીબેન મહેશ્વરી, જિલ્લા પંચાયત ઉપપ્રમુખશ્રી મહાવીરસિંહ જાડેજા, ભુજ તાલુકા પંચાયત પ્રમુખશ્રી લક્ષ્મીબેન ખેતાણી, ગાંધીધામ મહાનગરપાલિકાના મેયરશ્રી દિવ્યાબેન નાથાણી, આગેવાનશ્રી ફલજીભાઈ ચોધરી, શ્રી દેવજીભાઈ વરચંદ સહિતના આગેવાનશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# દયાપર ગ્રામ પંચાયત દ્વારા દબાણકારોને નોટિસ આપવાની કામગીરી શરૂ કરાઈ



દયાપર, તા. ૧૮ :
લખપત તાલુકામાં છેલ્લા કેટલાક દિવસોથી અલગ અલગ જગ્યાએ તાલુકા મામલતદાર,મહેસુલ વિભાગ તેમજ પોલીસ દ્વારા સરકારી જમીન ઉપર ગેરકાયદેસર દબાણો દૂર કરવાની ચાલી રહેલી કામગીરી બાદ હવે તાલુકા મથક દયાપરમાં સ્થાનિક ગ્રામ પંચાયત દ્વારા પણ ગેરકાયદેસર દબાણ તથા બાંધકામ દૂર કરવા ની કામગીરીમાં ઝુકાવ્યું છે શુક્રવારે પ્રથમ દિવસે ગામના બસ સ્ટેશન વિસ્તારમાં 72 જેટલા ધંધાર્થી વેપારીઓ તેમજ અન્યને ગેરકાયદેસર દબાણો દૂર માટે કરવાની નોટિસો આપવામાં આવી છે તો બીજી તરફ ગ્રામ પંચાયત દ્વારા શરૂ કરવામાં આવેલ નોટિસોને લઈને અન્ય દબાણ કર્તાઓમાં ફફડાટ ફેલાયો છે

તાલુકા મથક દયાપર બસ સ્ટેશન વિસ્તારમાં લાંબા સમયથી મોટા પ્રમાણમાં થયેલા દબાણોને લઈને લોકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે તો બીજી તરફ અમુક દબાણકારો દ્વારા તો પોતાની દુકાનો,કેબીનો ખડકી દઈને મસમોટી રકમના ભાડાઓ પણ વસૂલ કરી રહ્યા છે ત્યારે તેની વચ્ચે તાલુકા મથક દયાપર ગ્રામ પંચાયતે પણ આ દબાણ દૂર કરવાની કામગીરીમાં ઝંમ્પલાવ્યું છે જે અંતર્ગત શુક્રવારે દયાપર ગ્રામ પંચાયતના તલાટી પરેશભાઈ આહિર તેમજ મહિલા સરપંચ પ્રતિનિધિ આગેવાન હસમુખભાઈ પટેલ દ્વારા અહીંના બસ સ્ટેશન વિસ્તારમાં ધંધાર્થી વેપારીઓ તેમજ અન્યોને આપવામાં આવેલી નોટિસ દ્વારા જણાવાયું છે કે દયાપર ગ્રામ પંચાયતની હદ વિસ્તાર ગામતળમાં આવેલ બિન અધિકૃત દબાણ / બાંધકામ કરવામાં આવેલ જે ગેર કાયદેસર દબાણ બાંધકામ ગુજરાત પંચાયત અધિનિયમ 1993 ની કલમ 105 ની જોગવાઈનો ભંગ કરનાર હોઈ સૂચિત કરવામાં આવે છે કે નોટિસ મળેથી ગેરકાયદેસર દબાણ બાંધકામના પુરાવા દિવસ ત્રણમાં રજૂ કરવા જણાવાયું છે જો આ અંગેના આધાર પુરાવા રજૂ કરવામાં નહીં આવે તો ગ્રામ પંચાયત દ્વારા ગેરકાયદેસર દબાણ દૂર કરવામાં આવશે તો બીજી તરફ દયાપર ગ્રામ પંચાયતના સરપંચની સહી દ્વારા અહીં ગેર કાયદેસર દબાણકારોને આપવામાં આવેલ નોટિસને લઈને તલાટી પરેશભાઈ આહીરનો સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે બે દિવસમાં 72 જેટલી નોટિસો આપવામાં આવી છે તેમજ બાકી રહેલ અન્ય લોકોને પણ નોટિસો આપવાની કામગીરી ચાલુ હોવાનું તેમને જણાવ્યું હતું

તો બીજી તરફ તાલુકા મથક દયાપરમાં થયેલા સીમતળ, ગામતળ સહિતના સ્થળોએ થયેલા ગેરકાયદેસર દબાણો દૂર કરવાની કામગીરી આગામી દિવસોમાં તાલુકા મહેસુલ વિભાગ, માર્ગ મકાન વિભાગ તેમજ ગ્રામ પંચાયતની સંયુક્ત ટીમ દ્વારા દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરાશે તેવું સૂત્રોએ જણાવ્યું હતું